અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ ડિસેમ્બર ૨૦૨૩, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક વદ બારસ

વર્ષ : ૧૫
અંક : ૧૩૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### એનઆઈએના મહારાષ્ટ્રના ૪૪ અને કર્ણાટકમાં એક સ્થળે દરોડા । ઘાટકોપર ટ્રેન બ્લાસ્ટનો આરોપી પણ જબ્બે

# એનઆઈએના દરોડામાં ૧૫ શંકાસ્પદ આતંકી ઝડપાયા

### ઝડપાયેલા શકમંદો પાસેથી બોમ્બ બનાવવાની સામગ્રી પણ જપ્ત કરવામાં આવતા એક મોટા ષડયંત્રને નિષ્ફળ બનાવવામાં સફળતા મળી

। મુંબઈ, તા.૯ ।

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) અને એન્ટી ટેરરિઝમ સ્કવોડ (એટીએસ)એ સમગ્ર રાજ્યમાં ૪૪ સ્થળો અને કર્ણાટકમાં એક જગ્યાએ દરોડા પાડ્યા હતા. જેમાં ૧૫ શંકાસ્પદ આતંકવાદીઓની અટકાયત કરવામાં આવી છે. આ દરોડામાં ઘાટકોપર ટ્રેન બ્લાસ્ટના બે આરોપીની પણ ભાળ મળી હતી. ઘાટકોપર ટ્રેન બ્લાસ્ટના આરોપી સાકિબ નાચન અને તેના પુત્ર શમીન નાચનને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. અન્ય પકડાયેલા શકમંદો પાસેથી બોમ્બ બનાવવાની સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે. જેના કારણે એક મોટા ષડયંત્રને નિષ્ફળ બનાવવામાં સફળતા મળી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આઈએસઆઈએસના નેટવર્કને નષ્ટ કરવા માટે આ સમગ્ર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. એનઆઈએના દરોડામાં મુંબઈ-પુણેમાં બે બાઈક ચોરની ધરપકડ કરવામાં આવી હતી. તેમની પૂછપરછમાં આઈએસઆઈએસના



નેટવર્કનો ખુલાસો થયો હતો, ત્યારબાદ પુણે પોલીસે એટીએસને તપાસ સોંપી હતી. જેમાં ખબર પડી કે આ કેસમાં એક મોટી અને જાણીતી વ્યક્તિ સંડોવાયેલી છે. ત્યાર બાદ આ સમગ્ર મામલો એનઆઈએને સોંપવામાં આવ્યો હતો.

ઘટનાની વિગતો જાણ્યા બાદ એનઆઈએએ આઈએસઆઈએસના નેટવર્કને નષ્ટ કરવાની કવાયત હાથ ધરી હતી. તેમની યોજના મુજબ આજે વહેલી સવારથી મુંબઈ-પુણે, થાણે શહેર, થાણે ગ્રામીણ, ભાયંદર અને કર્ણાટકમાં એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં કર્ણાટકમાં ૧, પુણેમાં ૨, થાણે ગ્રામીણમાં ૩૧, થાણે શહેરમાં ૯ અને ભાયંદરમાં ૧ સહિત ૪૪ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. તેમજ ૧૫થી વધુ શંકાસ્પદ આતંકવાદીઓની અટકાયત કરવામાં આવી છે. આ શકમંદો પાસેથી સામગ્રી, દસ્તાવેજો, બિનહિસાબી રોકડ, બંદૂકો અને અન્ય હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે અને વિસ્ફોટના મોટા કાવતરાને પણ નિષ્ફળ બનાવી દેવામાં આવ્યો છે. આ તમામ શંકાસ્પદ આરોપીઓને મુંબઈના પેડર રોડ સ્થિત એનઆઈએની ઓફિસમાં લાવવામાં આવશે, એમ જાણવા મળ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### વૈષ્ણોદેવીની યાત્રા માટે હેલિકોપ્ટર સેવા શરૂ કરાઈ



। નવી મુંબઈ, તા.૯ ।

વૈષ્ણોદેવીની પવિત્ર યાત્રા દર વર્ષે લાખો ભક્તોને આકર્ષે છે. જો કે શ્રદ્ધાળુઓ કુલ ૧૩ કિમીની આ યાત્રા પગપાળા જ પૂર્ણ કરે છે, પરંતુ ઘણા લોકો છે જે આ મુશ્કેલ યાત્રા પગપાળા પૂર્ણ કરી શકતા નથી. હિમાલયના આકર્ષક દ્રશ્યો વચ્ચે ઝડપી અને વધુ આરામદાયક મુસાફરી ઈચ્છતા લોકો માટે, હેલિકોપ્ટર સેવા એ સારો ઓપ્શન છે. જે લોકો ખાસ કરીને વૃદ્ધો પગપાળા મા ના દર્શન નથી કરી શકતા તેવા લોકો માટે હવે હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવી છે.

### પોલીસ સાથેના એન્કાઉન્ટર બાદ બિશ્નોઈ ગેંગના બે શાર્પશૂટર્સની ધરપકડ

। નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હીના વીવીઆઈપી વિસ્તારમાં દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલ અને ગેંગસ્ટરો વચ્ચે એક્રાઉન્ટર થયું હતું જેમાં પોલીસે લોરેન્સ બિશ્નોઈ ગેંગના બે શૂટરોની ધરપકડ કરી હતી અને બાદમાં તેમને દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચમાં લઈ જવાયા હતા જ્યાં બંનેની પૂછપરછ કરવામાં આવી રહી છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજધાની દિલ્હીના વીવીઆઈપી વસંત કુંજ વિસ્તારમાં લોરેન્સ ગેંગના બે શાર્પ શુટર છે.


### ઓટીટી-ઓનલાઈન ફિલ્મો-રિલ્સનું ચલણ વધ્યું

# બાળ શોષણના આરોપ સાથે ફેસબુક-ઈન્સ્ટાગ્રામ સામે કેસ

### ન્યૂ મેક્સિકોના એટર્ની જનરલે મેટાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ સામે મોરચો ખોલ્યો

। મેક્સિકો, તા.૯ ।

અત્યારના સમયમાં મોબાઈલમાં ઓટીટી પર અને ઓનલાઈન ફિલ્મો અને રીલ્સ જોવાનું ચલણ ખૂબજ વધી ગયું છે. ત્યારે નાના નાના બાળકો પણ આખો આખો દિવસ મોબાઈલ જોતા હોય છે. ત્યારે જ્યારે બાળકોને સર્ચ કરતા આવડી જાય પછી તો બાળકો ફોનમાં ગમે તેવા કન્ટેન્ટ જોતા હોય છે અને તેની સીધી અસર બાળકો પર જોવા મળે છે. ત્યારે હવે સોશિયલ મિડીયાના થતા દુરૂપયોગ સામે અમેરિકાના ન્યૂ મેક્સિકોના એટર્ની જનરલે મેટાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ સામે મોરચો ખોલ્યો છે. એટર્ની જનરલે ફેસબુક અને




ઈન્સ્ટાગ્રામ પર બાળકોના શોષણનો આરોપ લગાવતા કેસ દાખલ કર્યો છે. ન્યુ મેક્સિકોના એટર્ની જનરલ રાઉલ ટોરેઝે આક્ષેપ કર્યો છે કે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ અશ્લીલતાને પ્રોત્સાહન આપે છે અને વાંધાજનક પોસ્ટ દ્વારા સગીરોને અશ્લીલતા કરવા માટે ઉશ્કેરે છે. રાઉલ ટોરેઝને જણાવ્યું હતું કે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એવા ગુનેગારોનું સીધું બજાર બની ગયા છે કે જ્યાં બાળકો શિકાર બની રહ્યા છે. ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ ફીડ્સમાં વાંધાજનક અને પ્રતિબંધિત સામગ્રી પણ ઉમેરવામાં આવે છે. જેના માટે રાઉલ ટોરેઝે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને કેટલાક બાળકોના ફેક એકાઉન્ટ બનાવ્યા હતા. આ એકાઉન્ટ્સ બનાવતાની સાથે જ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામના એલ્ગોરિધમના કારણે તેના પર અશ્લીલ તસવીરો અને એડલ્ટ કન્ટેન્ટ દેખાવા લાગ્યા.

### હારની સમીક્ષા માટેની ગેહલોત દિલ્હી પહોંચ્યા

# ભાજપ ૭ દિવસ બાદ પણ સીએમ નક્કી નથી કરી શક્યું : ગેહલોત

### ગોગામેડીની હત્યા મામલે એનઆઈએ દ્વારા તપાસ સામે વાંધો ન હોવાના દસ્તાવેજો પર મારે હસ્તાક્ષર કરવા પડ્યા

। નવી દિલ્હી, તા.૯ ।

રાજસ્થાનમાં હાલમાં કાર્યવાહક સીએમ અશોક ગેહલોત હારની સમીક્ષા બેઠકમાં સામેલ થવા દિલ્હી પહોંચ્યા હતા. દરમિયાન મીડિયા સાથે એરપોર્ટ પર વાતચીતમાં તેમણે ભાજપ પર જોરદાર નિશાન તાકતાં કહ્યું કે વિધાનસભાની ચૂંટણીમાં કામ અંગે ચર્ચા તો થઈ નહીં અને ભાજપવાળા બસ કન્હૈયાલાલ મર્ડર અંગે ચર્ચા કરતાં રહ્યા. તણાવનો માહોલ સર્જીને ધ્રૂવીકરણ કર્યું એટલા માટે ભાજપ જીતી ગયો. અશોક ગેહલોતે કહ્યું કે ભાજપની પોલ ખુલતી જઈ રહી છે. ૭ દિવસ સુધી તમે મુખ્યમંત્રીનો ચહેરો નક્કી નથી કરી શકી રહ્યા અને વાતો તમે પાર્ટીમાં શિસ્ત હોવાની કરો છો. સુખદેવ સિંહ ગોગામેડી હત્યાકાંડ પર ગેહલોતે કહ્યું કે સુખદેવ સિંહ ગોગામેડીની હત્યા મામલે એનઆઈએ દ્વારા તપાસ સામે કોઈ વાંધો ન હોવાના દસ્તાવેજો પર મારે હસ્તાક્ષર કરવા પડ્યા,



જોકે આ કામ કોઈ નવા સીએમએ કરવાની જરૂર હતી પણ અઠવાડિયું વીતી જવા છતાં ભાજપ એક મુખ્યમંત્રીનો ચહેરો પસંદ કરી શક્યો નથી. હું ઈચ્છું છું કે તેઓ આ મામલે જલદી નિર્ણય કરે. ગેહલોતે કહ્યું કે આ લોકો સાત દિવસ વીતી જવા છતાં સીએમનો ચહેરો નક્કી નથી કરી શક્યા અને અમારા પર આરોપ મૂકે છે કે અમારી પાર્ટીમાં જૂથવાદ છે. અને પાર્ટીમાં શિસ્ત જેવી કોઈ વાત નથી. હવે તમે આના પર શું બોલશો? આ લોકો ફક્ત ભ્રમિત કરે છે. તેઓ ફાઉલ રમીને ચૂંટણી જીત્યા છે.

### દેશના ઘણા રાજ્યોમાં ઠંડીનો ઈંતેજાર

# કેરલ, તામિલનાડૂ- લક્ષદ્વીપમાં વરસાદ, સિક્કીમ- બંગાળમાં હિમવર્ષાની શક્યતા

। નવી દિલ્હી, તા.૯ ।

દેશના ઘણાં રાજ્યોમાં હજી ઠંડીની રાહ જોવાઈ રહી છે. હવામાન ખાતાની આગાહી મુજબ દેશના કેટલાંક વિસ્તારોમાં આગામી ૪ થી ૫ દિવસ હળવાથી ભારે વરસાદની શક્યતાઓ છે. કેરલ, માહે, તામિલનાડૂ, પુડુચેરી, કરાઈકલ અને લક્ષદ્વીપમાં વિજળીના કડાકા સાથે વરસાદની શક્યતાઓ છે. આજે કેરલ, તામિલનાડૂ અને લક્ષદ્વીપમાં મૂશળધાર વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૨મી ડિસેમ્બર સુધી સિક્કીમ અને બંગાલમાં હિમવર્ષાની શક્યતાઓ છે. આગામી ૨૪ કલાકમાં નાગાલેન્ડ, મણિપૂર, મિઝોરમ, ત્રિપુરા, મેઘાલય અને આસામ તથા ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં વરસાદની શક્યકાઓ છે. આ અઠવાડિયાની શરુઆતમાં મિચોન્ગ વાવાઝોડાને કારણે ચેન્નઈમાં જનજીવન હજી ખોરવાયેલું છે. ૪ અને ૫ ડિસેમ્બરના રોજ વાવાઝોડાને કારણે મૂશળધાર વરસાદ થયો હતો. જેને કારણે શહેરમાં પૂર આવ્યું અને ઘણું બધુ નુકસાન પણ થયું છે. પર્વતીય વિસ્તારોમાં હિમ વર્ષા થવાને કારણે ઉત્તર ભારતમાં ઠંડી વધી ગઈ છે. લોકોએ માળીએ ચઢાવેલા સ્વેટર, શોલ, મફલર કાઢી લીધા છે.

### જી૨૦ સમિટ માટે કેન્દ્ર સરકારે ૧૩૧૦ કરોડ ફાળવ્યા




। નવી દિલ્હી, તા.૯ ।

ભારતમાં આયોજિત જી૨૦ સમિટ ૨૦૨૩ને સરકાર મોટી સફળતા ગણાવી રહી છે ત્યારે બીજી તરફ તેના માટે થયેલા થયેલા કરોડો રૂપિયાના ખર્ચ અંગે વિવાદ પણ ઉભો થયો છે. વિદેશ રાજ્ય પ્રધાન વી મુરલીધરને શુક્રવારે જી૨૦ સમિટ માટેના ખર્ચ અંગે રાજ્યસભામાં જવાબ આપતાં કહ્યું કે કેન્દ્રએ કુલ ૧૩૧૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. તેમણે રાજ્યસભામાં તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) સાંસદ સાકેત ગોખલેના પ્રશ્નનો જવાબ આપતાં આ માહિતી આપી હતી.

# સીએમની રેસમાં હોવાની ચર્ચાને ફગાવી દેતા બાબા બાલકનાથ

### મોદીના નેતૃત્વમાં પહેલીવાર જનતા-જનાર્દનને સાંસદ અને ધારાસભ્ય બનાવીને દેશની સેવા કરવાની તક આપી છે : બાબા બાલકનાથ

। નવી દિલ્હી, તા.૯ ।

બાબા બાલકનાથ અલવર લોકસભા મતવિસ્તારમાંથી ૨૦૧૯માં ભાજપે ટિકિટ આપતા સાંસદ તરીકે ચૂંટાયા હતા જો કે પાર્ટીએ તેમને આ વખતે રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં તિજારા બેઠક પરથી ટિકિટ આપી હતી જેમાં તેનો વિજય થયો હતો ત્યારે તેમણે લોકસભાના સભ્યપદેથી રાજીનામું આપી દીધુ હતું. તેમના રાજીનામાં બાદ એવી ચર્ચાએ જોર પકડ્યું હતું કે પાર્ટી તેમને રાજ્યની કમાન સોંપી શકે છે. સોશિયલ મીડિયામાં પણ તેમને રાજસ્થાનના મુખ્યમંત્રી બનાવવાની માંગ ઉઠી રહી છે ત્યારે બાબા બાલકનાથે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી છે જેમાં તેમણે સીએમની રેસને લઈને ચાલી રહેલી



ચર્ચાઓને ફગાવી દીધી છે. ત્રીજી ડિસેમ્બરે રાજસ્થાન સહિત ચાર રાજ્યોના વિધાનસભાની ચૂંટણી પરિણામ જાહેર થયા હતા જેમાં ભાજપે ત્રણ રાજ્યો પર કબજો કર્યો હતો જેમાં રાજસ્થાનનો સમાવેશ થાય છે. રાજસ્થાનની ચૂંટણીમાં ભાજપનો વિજય થયો ત્યારથી જ મુખ્યમંત્રીના નામને લઈને અનેક તર્ક-વિતર્ક તેમજ ચર્ચાઓ થઈ રહી છે. બીજી તરફ બાબા કમલનાથનો ચૂંટણીમાં વિજય થતાં તેમણે લોકસભાના સાંસદ તરીકે રાજીનામું આપી દીધુ હતું અને રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે તેમના નામની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે ત્યારે હવે તેમને જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ કરીને આ અટકળો પર પૂર્ણવિરામ મુકવાનો પ્રયાસ કર્યો છે.



## ન્યૂઝ બ્રિફ

### અંકલેશ્વરની કેમિકલ કંપનીમાં લિફ્ટમાં ફસાઈ જતા કામદારનું મોત

। ભરૂચ, તા.૯ ।

અંકલેશ્વર જીઆઈડીસીમાં કેમિકલ કંપનીમાં લિફ્ટમાં સમાન અનલોડ કરી વખતે અકસ્માત સર્જાતા લિફ્ટમાં ફસાઈ જવાથી એક કામદારનું મોત નીપજ્યું હતું. કામદારને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો પરંતુ તેને મૃત ઘોષિત કરાયો હતો. સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ અંકલેશ્વર જીઆઈડીસીની માધવ કેમિકલમાં લિફ્ટમાં ફસાઈ જતા કામદારનું મોત નીપજ્યું હતું. કેમકીલાં કંપનીમાં કામદાર લિફ્ટ સેક્શનમાં સમાન અનલોડ કરી રહ્યો હતો. આ સમયે લિફ્ટમાં ફસ્ટ ફ્લોર પર સામાન કાઢતી વખતે કામદાર અચાનક લિફ્ટમાં ફસાઈ ગયો હતો. અન્ય કામદારોની મદદથી તેને બહાર કાઢી હોસ્પિટલ ખસેડાયો હતો જોકે આ દરમિયાન તે મૃત્યુ પામ્યો હતો. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધવાની તપાસની તજવીજ હાથ ધરી છે.

### સુરતમાં પડોશમાં જ રહેતી બહેનપણીએ ઘરમાંથી સોનાના દાગીનાની ચોરી કરી

। સુરત, તા.૯ ।

સુરત શહેરના સનાતન ડાયમંડ નગરમાં રહેતી સુનીતા અજીત સીંગ દિવાળીના દિવસે સોનાની ચેઈન સહિતના દાગીના પહેર્યા હતા. તે રાતે કાઢીને પ્લાસ્ટિકના પાઉચમાં મુકી થેલીમાં મુકી દીધા હતા. ૩૦ નવેમ્બરના રોજ સવારે ઘરનો દરવાજો ખુલ્લો રાખી સુનીતા ઘર નજીક પાર્વતી પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતી પુત્રીને લેવા ગઈ હતી. પરત આવી ત્યારે રસોડાનો સરસામાન વેરવિખેર હતો. રસોડાના જે ડબ્બામાં થેલીની અંદર પાઉચમાં રૂ.૨.૭૬ લાખના દાગીના ગાયબ હતા. આ જોઈ સુનિતા ચોંકી ઉઠી હતી. ઘટનાની જાણ પાંડેસરા પોલીસને કરી હતી. પાંડેસરા પોલીસે સુનિતાની ફરિયાદ લઈ તપાસ હાથ ધરી હતી.પોલીસે ફરિયાદીના ઘર પાસે રહેતી બુશરા ખાલીદ મુજીબ શેખની પૂછપરછ હાથ ધરી હતી. પૂછપરછમાં સુનીતાની બહેનપણી બુશરાએ ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આરોપી મહિલા પાસેથી તમામ મુદ્દામાલ રીકવર કર્યા હતો. બુશરા નિયમીત રીતે સુનીતાના ઘરે આવ-જા કરતી હોવાથી દાગીના ક્યાં મુકે છે તેનાથી વાકેફ હતી. જેને લઈને બુશરાએ ચોરીનો પ્લાન બનાવ્યો હતો.

# ગુજરાતમાં આશરે ૧ કરોડ લોકો BPLપરિવાર હેઠળ

## ગુજરાતમાં ૨૧.૬% એટલે કે ૭૫ લાખની ગ્રામીણ આબાદી જ્યારે ૧૦.૧૪% ૨૬.૮૮ લાખ શહેરી આબાદી ગરીબી રેખાની નીચે છે

। અમદાવાદ, તા.૯ ।

ભારતમાં આઝાદીનાં આટલા વર્ષો બાદ પણ ગરીબી સૌથી પડકાર રહ્યો છે. દેશમાં હાલમાં આશરે ૨૩ કરોડ લોકો ગરીબી રેખાની નીચે જીવન જીવી રહ્યાં છે. જેમને પોતાની રોજી રોટી ચલાવવા માટે મજૂરી જેવા કાર્યો કરવા પડે છે.

હાલમાં સંસદનાં શિયાળાનાં સેશન દરમિયાન ગરીબી રેખાની નીચેનાં સ્તરનાં લોકો વિશે સવાલો પૂછવામાં આવ્યાં હતાં જેનો જવાબ આપતાં કેબિનેટ મંત્રી રાવ ઈંદ્રજીત સિંહે ભારતમાં ગરીબીની સ્થિતિ જણાવી હતી.



દેશમાં ગરીબી રેખાની નીચે લોકોની સંખ્યા જાણવા માટે વર્ષ ૨૦૧૧-૧૨માં સર્વે કરવામાં આવ્યો હતો. જે બાદથી અત્યાર સુધી આ અંગે કોઈ આંકલન કરવામાં આવ્યું નથી. એ સર્વે અનુસાર ગરીબી રેખાની નીચે રહેનારા લોકોની સંખ્યા ૨૭ કરોડ હતી. જો કે સરકારનું કહેવું છે કે દેશમાં હાલ ૨૧.૯ કરોડ આબાદી ગરીબી રેખાની નીચે છે. સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર ગુજરાતમાં ૨૧.૬% એટલે કે ૭૫ લાખની ગ્રામીણ આબાદી જ્યારે ૧૦.૧૪% ૨૬.૮૮ લાખ શહેરી આબાદી ગરીબી રેખાની નીચે છે. એટલે કે ગુજરાતની કુલ આબાદીમાંથી આશરે ૧ કરોડ વસ્તી ગરીબી રેખાની નીચે આવે છે.

સરકાર અનુસાર દેશની ૨૧.૯% વસ્તી આજે પણ ગરીબી રેખાની નીચે જીવન વિતાવે છે. સરકાર માને છે કે ગામડામાં રહેનારો જે વ્યક્તિ દરરોજ ૨૬ રૂપિયા જ્યારે શહેરમાં રહેતો દરેક વ્યક્તિ દરરોજ ૩૨ રૂપિયા ખર્ચ કરવામાં અસમર્થ હોય તો તે વ્યક્તિ ગરીબી રેખાની નીચે ગણાય છે. ગરીબી રેખાની નીચે જીવન વ્યતિત કરતાં પરિવારો તેમના બાળકોને મૂળભૂત સુવિધાઓ આપવામાં અસમર્થ હોય છે.

શિક્ષા અને પોષણયુક્ત ખાવાનું આપવા જેવી મૂળભૂત જરૂરિયાતોની પૂરતી કરવામાં અસમર્થતા ગરીબી રેખાની નીચેનું સ્તર માનવામાં આવે છે. સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડાઓ અનુસાર નીતિ આયોગે 'રાષ્ટ્રીય બહુપરિમાણિય ગરીબી સૂચકાંક: એક પ્રગતિ સમીક્ષા ૨૦૨૩' નામક રિપોર્ટ રજૂ કરી હતી જે અનુસાર વર્ષ ૨૦૧૫-૧૬થી ૨૦૧૯-૨૧ દરમિયાન ૧૩.૫ કરોડ લોકો બહુપરિમાણિય ગરીબીથી મૂક્ત થયાં છે.

### અમદાવાદમાં એસિડના ટેન્કરની આડમાં દારૂની હેરાફેરી

। અમદાવાદ, તા.૯ ।

બાવળા પોલીસ પેટ્રોલીંગ અને વાહન ચેકીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે એક કથ્થાઈ રંગના ટેક્રમાં દારૂની હેરાફેરી થઈ રહી છે. જે બાતમીના આધારે સેક ટેક્ર પસાર થઈ રહ્યું હતું. પોલીસે ટેક્રના આગળના અને પાછળના બોડીના ભાગે લોખંડના પાના વડે ટકોર મારી ચકાસતા અવાજમાં તફાવત આવ્યો હતો જેથી શકાસ્પદ લાગતા પોલીસે તપાસ કરી હતી. પુષ્પા ફિલ્મની મોડ્સ ઓપરેન્ડીથી દારૂની હેરાફેરીનો પોલીસે પર્દાફાશ કર્યો છે. એસિડના ટેક્રમાં છૂપું ખાનું બનાવીને વિદેશી દારૂની હેરાફેરી કરતા એક આરોપીની પોલીસે ધરપકડ કરી છે. રાજસ્થાનથી દારૂનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવાના કનેક્શનને લઈને પોલીસે તપાસ શરૂ કરી છે. બાવળા પોલીસ પેટ્રોલીંગ અને વાહન ચેકીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે એક કથ્થાઈ રંગના ટેક્રમાં દારૂની હેરાફેરી થઈ રહી છે. જે બાતમીના આધારે સેક ટેક્ર પસાર થઈ રહ્યું હતું. પોલીસે ટેક્રના આગળના અને પાછળના બોડીના ભાગે લોખંડના પાના વડે ટકોર મારી ચકાસતા અવાજમાં તફાવત આવ્યો હતો જેથી શકાસ્પદ લાગતા પોલીસે તપાસ કરી હતી. ટેક્રમાંથી ૫.૫૦ લાખની કિંમતનું વિદેશી દારૂ સહિત ૩૫.૫૧ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે.

### માત્ર નાના વાહનો જ પસાર થઇ શકશે

# વિશાલાથી પીરાણા જતો શાસ્ત્રી બ્રિજ ભારે વાહનો માટે બંધ કરાયો

## હાલમાં બ્રિજમાં એક્સપન્સન જોઈન્ટ તેમજ બેરિંગ રીપેરીંગનું કામ કરવામાં આવ્યુ છે જેને લઇને શાસ્ત્રી બ્રિજને હાલ થોડા મહીના માટે બંધ કરવામાં આવ્યો છે

। અમદાવાદ, તા.૯ ।

જો તમે અમદાવાદમાં રહો છો અને જુહાપુરાથી પીરાણાવાળા માર્ગ તરફ જવાનું વિચારો છો, તો તમારે વૈકલ્પિક માર્ગ પસંદ કરવાનો રહેશે. વિશાલાથી પીરાણા તરફ જવાના રસ્તા પર આવેલા શાસ્ત્રી બ્રિજ સમારકામ હાથ ધરાયુ છે. જેને લઈને વાહનની અવર જવર માટે બ્રિજ સંપૂર્ણ બંધ કરાયો છે.સમારકામ દરમિયાન બ્રિજ પરથી માત્ર નાના વાહનો જ અવર જવર કરી શકશે. ભારે વાહનો માટે આ બ્રિજ સંપૂર્ણ બંધ રહેશે. જો તમે અમદાવાદમાં જુહાપુરાથી પીરાણા તરફ જવાનું વિચારો છો અને તમારી પાસે ભારે વાહન છે તો તમારે થોડા મહિના માટે અંજલિ તરફ થઈ પીરાણા જવાનું રહેશે. કેમ કે વિશાલા થી પીરાણા તરફ જતો



બ્રિજ સમારકામ ને લઈને વાહનની અવર જવર માટે સંપૂર્ણ બંધ કરાયો છે. જ્યારે આ સમારકામ દરમિયાન ભારે વાહન સિવાય નાના વાહનો બીજા બ્રિજ પર બને તરફ આવજા કરી શકશે. આ સમયે ટ્રાફિક ન થાય માટે પોલીસ કર્મચારીઓ પણ ખડેપગે રહેશે. વિશાલા ખાતે બનેલો શાસ્ત્રી બ્રિજ લગભગ ૪૦ વર્ષ જુનો છે. છેલ્લા ઘણા સમયથી તે જર્જરિત અવસ્થામાં છે. શાસ્ત્રી બ્રિજ પર પહેલા પ્લાસ્ટર સહિતનું કામ કરવામાં આવ્યું હતું, પણ હાલમાં બ્રિજમાં એક્સપન્સન જોઈન્ટ તેમજ બેરિંગ રીપેરીંગનું કામ કરવામાં આવ્યુ છે. જેને લઈને શાસ્ત્રી બ્રિજને હાલ થોડા મહીના માટે બંધ કરવામાં આવ્યો છે. બ્રિજ જ્યાં સુધી બંધ રહેશે ત્યાં સુધી ભારે વાહનોએ વિશાલાથી વાસણા અને અંજલિ થઈ પીરાણા જવાનું રહેશે અને એજ રીતે બીજી તરફથી ભારે વાહનોએ એ જ રીતે પસાર થવાનું રહેશે. માત્ર નાના વાહનો જ બ્રિજ પરથી પસાર થઈ શકશે. શાસ્ત્રી બ્રિજ એસજી હાઈવેને જોડતો બ્રિજ છે. આ માર્ગ અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતો મુખ્ય માર્ગ હોવાથી તે અમદાવાદ શહેર સહિત સાણંદ, બાવડા, ગાંધીનગર, વડોદરા સહિત વિવિધ શહેર અને ગામને જોડે છે. દિવસ દરમિયાન હજારો વાહનો અહીંથી પસાર થાય છે.

# જામનગરની દિગ્વિજય પ્લોટ વિસ્તારમાંથી મોટા પાયે શંકાસ્પદ ભેળસેળયુક્ત ઘી ઝડપાયું

## ૨૦ ઘીના ડબ્બા અને ૧૭ મોટી બરણીઓ મળી આવી છે તંત્રએ કુલ ૫૫૫ કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કર્યો છે

। જામનગર, તા.૯ ।

રાજ્યમાં અવારનવાર બનાવટી ખાદ્યપદાર્થનો જથ્થો ઝડપાતો હોય છે. ત્યાં જામનગરની દિગ્વિજય પ્લોટ વિસ્તારમાંથી મોટા પાયે શંકાસ્પદ ભેળસેળયુક્ત ઘી ઝડપાયું હતુ. SOG તેમજ ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે સંયુક્તપણે દરોડા પાડ્યા છે. આ દરમિયાન ૨૦ ઘીના ડબ્બા અને ૧૭ મોટી બરણીઓ મળી આવી છે. તંત્રએ કુલ ૫૫૫ કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કર્યો છે. ગુજરાતમાં ચોતરફ નકલીની ભરમાર વચ્ચે ફરી એક વખત ઝડપાયો છે શંકાસ્પદ ઘીનો મોટો જથ્થો. જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારમાંથી મોટા પાયે શંકાસ્પદ ભેળસેળયુક્ત ઘી ઝડપાયું હતુ. જીંદ તેમજ ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે સંયુક્તપણે દરોડા પાડ્યા છે.આ દરમિયાન ૨૦ ઘીના ડબ્બા અને ૧૭ મોટી બરણીઓ મળી આવી છે. તંત્રએ કુલ ૫૫૫ કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કર્યો. જેની અંદાજે કિંમત ૨.૬૫ લાખ રૂપિયા જેટલી છે.

ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે ઘીના નમૂના લઈને તેને ચકાસણી માટે મોકલ્યા છે.મહત્વનું છે કે ફૂડ એન્ડ ડ્રગ વિભાગે અગાઉ પણ શહેરમાંથી નકલી દૂધ તેમજ નકલી ઘીનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. તો બીજી તરફ ખેડા જિલ્લામાંથી નકલી હળદર, નકલી ઘી, નકલી આયુર્વેદિક સિરપ અને હવે ખાદ્યતેલ પણ નકલી હોવાનું સામે આવ્યુ છે.



નારોલ પીરાણા રોડ પર ડમ્પીંગ સાઈડની દિવાલની પાસે એએમસી દ્વારા વૃક્ષોનું વાવેતર કરવામાં આવી રહ્યું છે.

### જ્વેલર્સની દુકાનમાંથી એક લાખથી વધુની ચોરીની ઘટના

# નવસારીમાં ચોર ટોળકીનો ત્રાસ ફરી એકવાર સામે આવ્યો

## જ્વેલર્સની દુકાનમાંથી એક લાખ ઉઠાવ્યા બાદ ચોરો સીસીટીવી અને ડીવીઆર પણ લઇ ગ્યાં

। નવસારી, તા.૯ ।

નવસારીમાં ચોર ટોળકીનો ત્રાસ ફરી એકવાર સામે આવ્યો છે, નવસારીમાં ગઇ રાત્રે એક જ્વેલર્સની દુકાનમાંથી એક લાખથી વધુની ચોરીની ઘટનાથી અનેક સવાલો ઉભા થયા છે. શહેરના એરુ રૉડ પર આવેલી પ્રગતિ જ્વેલર્સમાંથી ચાર-પાંચ ચોરે એક લાખથી વધુની મતાની ચોરી કરી હતી, હાલ પોલીસ આ ઘટનાને લઈને તપાસ કરી રહી છે. મળતી માહિતી પ્રમાણે, શિયાળો જામ્યો છે, રાત્રિના સમયે ઠંડીનો અહેસાસ વધુ થઈ રહ્યો છે, અને આ ઠંડીની સિઝનમાં હવે ફરી એકવાર ચોર ટોળકી સક્રિય થઈ રહી છે.

હાલમાં જ નવસારી શહેરમાંથી સોના-ચાંદીની દુકાનમાંથી એક લાખથી વધુની ચોરી થઈ હોવાની ઘટના ઘટી છે. નવસારી શહેરમાં એરુ નજીક આવેલા ચાર રસ્તા પાસે આવેલી પ્રગતિ જ્વેલર્સમાં આ ઘટના ઘટી છે, રાત્રિના સમયે પ્રગતિ જ્વેલર્સનું શટર તોડીને ચારથી પાંચ ચોર દુકાનમાં ઘૂસ્યા હતા, આ ચોર ટોળકીએ દુકાનમાંથી એક લાખના માલની ઉઠાંતરીની સાથે સાથે દુકાનમાં રાખેલા સીસીટીવી અને ડીવીઆરને પણ લઈને ફરાર થઈ ગયા હતા. ચોરીની આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. અવારનવાર થતી આવી ચોરીથી પોલીસ પેટ્રોલિંગની કામગીરી પર પણ સવાલો ઉઠ્યા છે.

**વિશેષ** સર્વ સમાવેશી અભિગમથી તમામને યોજનાકીય સહાય પહોંચાડી વિકાસની મુખ્ય ધારામાં સામેલ કરીને જ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરી શકાશે : ભાનુબેન બાબરીયા

# ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં કોટડા સાંગાણી તાલુકાના ભાડવા ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

ભારત સરકાર તથા રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભો વંચિત નાગરિકો સુધી પહોંચે તે હેતુથી દેશભરમાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" આયોજીત કરવામાં આવી છે, જેના અનુસંધાને રાજકોટ જિલ્લામાં કોટડાસાંગાણી તાલુકાના ભાડવા ગામમાં યોજાયેલ કાર્યક્રમમાં રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા ઉપસ્થિત રહ્યા હતાં.

મંત્રીશ્રીએ ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ સરકારી યોજનાઓનો લાભ તમામ જરૂરિયાતમંદો સુધી પહોંચે તે માટે આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. વિકાસના ફળ ગામડા સુધી તેમજ ગરીબ, વંચિત, પીડિત, અવગણીત વ્યક્તિઓ, તમામ સુધી પહોંચેતે માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ સરકાર સતત પ્રયત્નશીલ છે. સર્વ સમાવેશી અભિગમથી તમામને ગરીબી અને અભાવથી મુક્ત કરી વિકાસની મુખ્ય ધારામાં સામેલ કરીને જ વિકસિત ભારત ના સંકલ્પને સાકાર કરી શકાશે.






મંત્રીશ્રીએ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા તમામે વિકાસયાત્રાનું સુકાન લઈ પોતે કેવી રીતે વિકસિત ભારત બનાવવા માટે પ્રદાન કરી શકે તે વિચારી પુરુષાર્થ કરવા પ્રેરિત કર્યા હતા, ઉપરાંત તેઓશ્રીએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અંતર્ગત વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની રૂપ રેખા આપી હતી તેમજ યાત્રા દ્વારા ઘરઆંગણે આવેલ રાજ્ય અને કેન્દ્ર સરકારની સંખ્યાબંધ યોજનાઓનો લાભ અને માર્ગદર્શન માટે સ્ટોલની મુલાકાત લેવા ગ્રામજનોને અપીલ કરી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ ગામમાં સીસીટીવી માટે ગ્રાન્ટ આપવાની જાહેરાત પણ કરી હતી. દિપપ્રાગટ્ય દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. મહાનુભાવોનું ગામની દીકરીઓ તેમજ ગામના વડીલોના હસ્તે સ્વાગત કરવામાં આવ્યું હતું. દશ્ય શ્રાવ્ય માધ્યમથી પ્રધાનમંત્રીશ્રીનો સંદેશ તેમજ વિકસિત ભારત સંકલ્પ યાત્રાની ડોક્યુમેન્ટરી પ્રદર્શિત કરવામાં આવી હતી. શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા દેશ-ભક્તિને લગતાં ગીતો પર નૃત્ય રજૂ કરાયું હતુ. મહાનુભાવો તેમજ ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ પ્રતિજ્ઞા લીધી હતી. મહાનુભાવોના હસ્તે ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ, આયુષ્માન ભારત યોજનાના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ઉપરોક્ત લાભાર્થીઓએ મેરી કહાની મેરી જુબાની અંતર્ગત પોતાને મળેલ લાભની વાત રજૂ કરી હતી.

આ કાર્યક્રમમાં વિવિધ યોજના અંગે માર્ગદર્શન અને અરજી માટે આધાર કાર્ડને લગતી સુવિધાઓનો સ્ટોલ, ઉજવલા યોજના, પશુપાલન લોન અને કિસાન ક્રેડિટ કાર્ડ, આયુષ્માન કાર્ડ, મારું ગામ ટીબી મુક્ત ગામ અંતર્ગત ટીબી ટેસ્ટ સ્ટોલ, બેક્રને લગત પ્રધાનમંત્રી જીવન જ્યોતિ, જીવન સુરક્ષા વીમા યોજના, જન ધન અકાઉન્ટ, અટલ પેન્શન યોજના,મુદ્રા યોજનાનો લાભ મેળવવા માટે બેક્રનો સ્ટોલ, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, ગંગા સ્વરૂપા, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગ સહાય યોજના, વય વંદના યોજના માટેના સ્ટોલ તૈયાર કરવામાં આવ્યા હતા તેમજ આઈ.સી. ડી.એસ. અંતર્ગત મિલેટસ વાનગી પ્રદર્શન, આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે સરપંચશ્રી રેખાબેન ગજેરા, તાલુકા પંચાયતના હોદ્દેદારો તેમજ સદસ્યો,જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરી, આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રી સાવિત્રી નાથજી, ટી.ડી.ઓશ્રી રિદ્ધીબેન પટેલ, મામલતદારશ્રી વી.બી. જાડેજા, ગામના આગેવાનશ્રી રાઘવેન્દ્રસિંહજી, ગુમાનસિંહજી સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ન્યુઝ બોક્ષ

## ૨૪ કલાકમાં ઈઝરાયેલના હુમલામાં ૩૦૦ પેલેસ્ટિનિયન લોકોનાં મોત થયા



। ગાઝા, તા.૯ ।

ગાઝામાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા બે મહિનાથી વધુ સમયથી સંઘર્ષ ચાલી રહ્યો છે. અહેવાલ અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ગાઝામાં ઈઝરાયેલ સેનાના હુમલામાં ૩૦૦ પેલેસ્ટિનિયન નાગરિકોના મોત થયા છે. દરમિયાન, ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામ માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી) માં યુએન દ્વારા લાવવામાં આવેલ પ્રસ્તાવે નિરાશા સાંપડી હતી. અમેરિકાના વીટોને કારણે પ્રસ્તાવ પસાર થઈ શક્યો ન હતો. યુએન દ્વારા રજૂ કરાયેલ પ્રસ્તાવમાં ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામ અને તમામ બંધકોને બિનશરતી તાત્કાલિક મુક્ત કરવાની માંગ કરવામાં આવી હતી. ૧૩ સભ્ય દેશોએ ઠરાવની તરફેણમાં મતદાન કર્યું. અમેરિકાએ વીટો કરી દીધો હતો જોકે બ્રિટન મતદાનથી દૂર રહ્યું હતું. યુએનમાં અમેરિકાના રાજદૂત રોબર્ટ વૂડે યુદ્ધવિરામ પ્રસ્તાવને અસંતુલિત અને વાસ્તવિકતાની બહાર ગણાવ્યો હતો. દરખાસ્તને વીટો કર્યા પછી વુડે કહ્યું કે પ્રસ્તાવ પર મુસદ્દો તૈયાર કરવા અને મતદાનની પ્રક્રિયામાં ઉતાવળ કરવામાં આવી હતી અને તેમાં યોગ્ય પરામર્શનો અભાવ હતો. તેમણે કહ્યું કે કમનસીબે, અમારી લગભગ તમામ ભલામણોને અવગણવામાં આવી હતી. આ ઉતાવળની પ્રક્રિયાનું પરિણામ એ આવ્યું કે તે અસંતુલિત અને વાસ્તવિકતા સાથે તેને કંઈ લેવા દેવા નથી એવો થઈ ગયો હતો.

## સુર્યનો તાપ ઘટાડીને ક્લાઈમેટ ચેન્જ ઉપર નિયંત્રણ મેળવાશે




। નવી દિલ્હી, તા.૯ ।

પૃથ્વી પર વધતા તાપમાન અને ક્લાઈમેટ ચેન્જને અંકુશમાં લેવા માટે વિવિધ ઉપાયો અપનાવવામાં આવી રહ્યા છે. આ દરમિયાન એક નવા આઈડિયા પર પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ આઈડિયા છે સૂર્યથી આવતા તાપને ઘટાડવાનો. સાંભળીને થોડુંક વિચિત્ર લાગશે, પરંતુ વૈજ્ઞાનિક સ્તરે તેના પર ઘણો વિચાર કરવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે પૃથ્વીનું તાપમાન સતત વધી રહ્યું છે. વર્ષ ૨૦૨૨માં પૃથ્વી ૧.૨૬ ડિગ્રી સેલ્સિયસના દરે ગરમ થઈ રહી હતી. જ્યારે ૨૦૩૦ ના મધ્ય સુધીમાં તેનો દર વધીને ૧.૫ થઈ જશે. એવી આશંકા છે કે આ સદીના અંત સુધીમાં પૃથ્વીની ગરમીનો દર વધીને ૨.૫ ડિગ્રી થઈ શકે છે. આવી સ્થિતિમાં વૈજ્ઞાનિકો એક એવો ઉપાય શોધી રહ્યા છે જે સમયસર ઝડપી પરિણામ આપી શકે. સૂર્યથી પૃથ્વી પર આવતા તડકાને ઘટાડવાનો વિચાર જ્વાળામુખી ફાટવાની બે ઘટનાઓ પરથી આવ્યો હતો. તેમાંથી એક ઘટના વર્ષ ૧૮૧૫માં ઈન્ડોનેશિયામાં બની હતી જ્યારે બીજી ઘટના ૧૯૯૧માં ફિલિપાઈન્સમાં બની હતી. બંને વખત, જ્વાળામુખી વિસ્ફોટ પછી થોડા વર્ષો માટે વૈશ્વિક તાપમાનમાં ઘટાડો થયો હતો. ખરેખર જ્યારે મોટા પાયે જ્વાળામુખી ફાટે છે, ત્યારે વાતાવરણમાં જાડું પડ જામી જાય છે. આ સ્તર ઘણા વર્ષો સુધી આ રીતે રહે છે. જેના કારણે થોડા સમય માટે સૂર્યનો તાપ ઓછો થઈ જાય છે અને તાપમાન પણ ઘટે છે. હવે વૈજ્ઞાનિકો આ આઈડિયાનો ઉપયોગ કરીને પૃથ્વીનું તાપમાન ઘટાડવા માંગે છે. નોંધનીય છે કે સૂર્યના તાપથી જ પૃથ્વી ગરમ થાય છે અને ગ્રીનહાઉસ ગેસને કારણે આ ગરમી જળવાઈ રહે છે. આવી સ્થિતિમાં જ્વાળામુખી ફાટવા જેવી સ્થિતિ સર્જીને કૃત્રિમ ધુમ્મસ સર્જી શકાય છે. રિસર્ચ દર્શાવે છે કે જો સૂર્યની ગરમીને એક ટકા ઘટાડી શકાશે તો પૃથ્વીની ગરમી એક ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટશે. આ અશક્ય લાગે છે, પરંતુ એકત્રિત ડેટા દર્શાવે છે કે તે કરવું અશક્ય નથી. તેના માટે વૈજ્ઞાનિકો ખૂબ ઊંચા ઉડતા જેટનો ઉપયોગ કરવાની યોજના બનાવી રહ્યા છે. આ વિમાનોને ઉંચાઈ પર લઈ જઈને કેટલાક એવા પદાર્થો છોડવામાં આવશે જે પૃથ્વી પર પહોંચતા સૂર્યની ગરમીની અસરને ઓછી કરશે. જોકે, સૂર્યના તાપને ઘટાડીને ક્લાઈમેટ ચેન્જને સંપૂર્ણપણે નિયંત્રિત નહીં.

### ટીમ ઈન્ડિયા સમક્ષ ટીર૦ વર્લ્ડ કપનો કપરો પડકાર

# ટીર૦ વર્લ્ડ કપમાં ઈન્ડિયા સમક્ષ ફાઈનલ ઈલેવનનો મોટો પડકાર

## વર્લ્ડકપ ૨૦૨૪ માટે કયા સિનિયર ખેલાડીઓ વાપસી કરશે તે એક મોટો પ્રશ્ન છે : સ્પર્ધા પહેલા છ મેચ બાકી

। નવી દિલ્હી,તા.૯ ।

વન-ડેમાં હાર બાદ હવે ટીમ ઈન્ડિયાની સામે ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ એક પડકાર સમાન છે. ટી૨૦ વર્લ્ડકપ ૪ જૂનથી ૩૦ જૂન સુધી વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં યોજાશે. આવી સ્થિતિમાં હવે ટીમ ઈન્ડિયાનું ફોકસ વન-ડેથી ટી૨૦ તરફ ગયું છે. ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ માટે ટીમ નક્કી કરતા પહેલા ભારતે માત્ર ૬ મેચ રમવાની છે, જેમાંથી ૩ ઘરઆંગણે અફઘાનિસ્તાન સામે અને ૩ દક્ષિણ આફ્રિકામાં રમાશે.

જો અત્યાર સુધી અપેક્ષાઓ પ્રમાણે બધું બરાબર રહ્યું તો રોહિત શર્મા જૂનમાં ટી૨૦ વર્લ્ડકપમાં ભાગ લઈ શકે છે. રાહુલ દ્રવિડની કોચિંગ ટીમમાં સામેલ લોકો પણ આ વર્લ્ડકપ સુધી ટીમ ઈન્ડિયા સાથે રહેશે. પરંતુ રોહિત અને દ્રવિડ માટે આ સરળ કામ નહીં હોય.



આ કારણે તેને ટીમમાં રહેવા માટે કહેવામાં આવ્યું છે. એવામાં આ વર્લ્ડકપ પહેલા ટીમ ઈન્ડિયા માટે ૫ પડકાર છે એવામાં તેનો કઈ રીતે સામનો કરવો એ એક મહત્વપૂર્ણ બાબત છે. ટી૨૦ વર્લ્ડકપ પહેલા ટીમ ઈન્ડિયા સામે સૌથી મોટો પડકાર ટીમના ફાઈનલ ૧૧ ખેલાડીઓનો હશે. હાલમાં જ ઓસ્ટ્રેલિયા સામે ટી૨૦ સિરીઝ રમવા આવેલી ટીમમાં સૂર્યા, ઈશાન, શ્રેયસ અય્યર વન-ડે વર્લ્ડકપ ટીમ તરફથી રમ્યા હતા. બાકીની ટીમ નવી હતી, તેથી વર્લ્ડકપ ૨૦૨૪ માટે કયા સિનિયર ખેલાડીઓ વાપસી કરશે તે એક મોટો પ્રશ્ન છે. કારણ કે હવે ટીમ ઈન્ડિયાને આ નાના ફોર્મેટના વર્લ્ડકપ પહેલા માત્ર ૬ મેચ રમવાની છે. રોહિત અને વિરાટ આફ્રિકામાં વ્હાઈટ બોલ ફોર્મેટમાં નથી રમી રહ્યા.

વન-ડે વર્લ્ડકપમાં ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા અને હાર્દિક પંડ્યા હતા. પરંતુ હાર્દિક વર્લ્ડકપમાં વચ્ચે જ ઈજાગ્રસ્ત થયા હતા તેમજ એ પણ પ્રશ્ન છે કે તે ઈન્ટરનેશનલ સર્કીટમાં ક્યારે રમશે! આ સીઅવ્ય ટીમ માટે એક એવો પણ પ્રશ્ન છે કે હાલ ટીમ પાસે ટી૨૦ ફોર્મેટમાં રવિન્દ્ર જાડેજા સિવાય અન્ય કોઈ ઓલરાઉન્ડર પણ નથી.

ટી૨૦માં ભારત મોટાભાગે ટોપ ઓર્ડરના બેટ્સમેન પર નિર્ભર છે. લોઅર મિડલ ઓર્ડર ટીમ ઈન્ડિયાની નબળી કડી છે. આવી સ્થિતિમાં ટીમ ઈન્ડિયા આમાંથી કેવી રીતે બહાર નીકળે છે તે જોવું રહ્યું. ઘણા બેટ્સમેન જ્યારે પોઝીશન બદલે છે ત્યારે તેમની લય ગુમાવી બેસે છે. આઈસીસી ટૂર્નામેન્ટમાં ટીમ ઈન્ડિયાનું પ્રદર્શન ૨૦૧૩થી સારું રહ્યું નથી. છેલ્લી વખત ટીમ ઈન્ડિયાએ ૨૦૧૩માં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. ૨૦૧૪માં ટી૨૦ વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચવું એ આ ફોર્મેટમાં છેલ્લું બેસ્ટ પર્ફોર્મન્સ રહ્યું છે. ટી૨૦ વર્લ્ડકપ નોકઆઉટમાં ટીમ ઈન્ડિયાનું પ્રદર્શન ૨૨ સપ્ટેમ્બર ૨૦૦૭: ભારતે ઓસ્ટ્રેલિયાને ૧૫ રનથી હરાવ્યું, આ સેમી ફાઈનલ મેચ ડરબનમાં રમાઈ હતી.

### ભારત-સા. આફ્રિકા વચ્ચે આજથી ટીર૦ સિરિઝ શરૂ થશે

# પગમાં ઈજા થતાં સાઉથ આફ્રિકાનો પેસ બોલર લુંગી એનગિડી સિરિઝમાંથી આઉટ

## લુંગી એનગિડીના બહાર થયા બાદ બ્યુરોન હેન્ડ્રીક્સને બે વર્ષ બાદ પુનરાગમન કરવાની તક મળી

। ડરબન, તા.૯ ।

આવતીકાલથી ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ટી૨૦આઈ સિરીઝ શરુ થવાની છે. પરંતુ આ સિરીઝ શરુ થતા પહેલા સાઉથ આફ્રિકન ટીમને મોટો ઝટકો લાગ્યો છે. ભારત સામે રમાનાર ટી૨૦આઈ સિરીઝમાંથી સાઉથ આફ્રિકાનો મુખ્ય ફાસ્ટ બોલર લુંગી એનગિડી બહાર થઈ ગયો છે. મળેલા અહેવાલો મુજબ લુંગી એનગિડીને ડાબા પગમાં ઈજાને કારણે બહાર થવું પડ્યું હતું અને ઈજામાંથી બહાર ન આવી શકવાને કારણે તેને આખી સિરીઝ માટે ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે. ભારત સામે રમાનાર ટી૨૦આઈ સિરીઝ માંથી લુંગી એનગિડીના બહાર થયા બાદ બ્યુરોન હેન્ડ્રીક્સને બે વર્ષ બાદ પુનરાગમન કરવાની તક મળી છે. બ્યુરોન હેન્ડ્રીક્સ છેલ્લે આફ્રિકા



તરફથી વર્ષ ૨૦૨૧માં રમ્યો હતો હેન્ડ્રીક્સે અત્યાર સુધી ૧ ટેસ્ટ, ૮ વન-ડે અને ૧૯ ટી૨૦આઈ મેચ રમી છે. હેન્ડ્રિક્સના ટી૨૦ રેકોર્ડની વાત કરીએ તો અત્યાર સુધી તેણે ૧૯ મેચમાં ૨૫ વિકેટ લીધી છે અને આ દરમિયાન તેણે ૯.૧૯ની ઈકોનોમીથી રન આપ્યા છે. ભારત સામે રમાનાર ટી૨૦આઈ સિરીઝમાં સાઉથ આફ્રિકાની ટીમે તેના મુખ્ય ફાસ્ટ બોલર કાગીસો રબાડાને આરામ આપ્યો છે અને હવે લુંગી એનગિડીના બહાર થવાથી સાઉથ આફ્રિકાનું બોલિંગ અટેક નબળું દેખાઈ રહ્યું છે. હવે ટી૨૦આઈ સિરીઝમાં સાઉથ આફ્રિકાના બોલિંગ અટેકની જવાબદારી ગેરાલ્ડ કોએત્ઝી, નાન્દ્રે બર્જર, ઓટનીલ બાર્ટમેન અને લિઝાડ વિલિયમ્સ પર રહેશે, જેમને આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો બહુ ઓછો અનુભવ છે. ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ત્રણ મેચની ટી૨૦આઈ સિરીઝની પ્રથમ મેચ આવતીકાલે ડરબનમાં રમાનાર છે. તે પછીની બંને મેચો ૧૨ અને ૧૪ ડિસેમ્બરના રોજ જોહાનસબર્ગમાં રમાશે. ત્રણ ટી૨૦આઈ મેચ રમ્યા બાદ ૧૭થી ૨૧ ડિસેમ્બર સુધી બંને ટીમો વચ્ચે ત્રણ વન-ડે મેચ રમાશે અને તે પછી બંને ટીમો ૨૬ ડિસેમ્બરથી ૨ ટેસ્ટ મેચની સિરીઝમાં આમને-સામને થશે.

### વુમન્સ પ્રિમિયર લિગ સિઝન-૨ની તૈયારી શરૂ

# ગુજરાત જાયન્ટસે અનકેપ્ડ કાશવી ગૌતમને ૨ કરોડ રૂપિયામાં ખરીદી

## કાશવી ડબલ્યુપીએલ ઈતિહાસની સૌથી મોંઘી અને અનકેપ્ડ ખેલાડી બની ગઈ છે

। મુંબઈ, તા.૯ ।

વર્ષ ૨૦૨૩માં બીસીસીઆઈ દ્વારા ડબલ્યુપીએલની શરૂઆત કરવામાં આવી હતી. હવે આ ટુર્નામેન્ટના બીજા સિઝનની તૈયારીઓ શરુ થઈ ગઈ છે. જેના માટે આજે મુંબઈમાં ડબલ્યુપીએલઓક્શન ૨૦૨૪નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઓક્શનમાં કુલ ૧૬૫ મહિલા ખેલાડીઓ પર બોલી લગાવવામાં આવી રહી છે, જેમાં માત્ર ૩૦ ખેલાડીઓની જ ખરીદી થવાની છે. આ ૩૦ ખેલાડીઓમાંથી એક ખેલાડી કાશવી ગૌતમ છે. જેને ગુજરાત જાયન્ટ્સની ટીમમાં સામેલ કરવામાં આવી છે. કાશવી ગૌતમ અનકેપ્ડ ખેલાડી છે. તેણે ૨૪ મેચમાં ૨૧૦ રન બનાવ્યા છે. તેની બેઝ પ્રાઈઝ ૧૦ લાખ રૂપિયા હતી. કાશવીને પોતાની ટીમમાં સામેલ કરવા માટે તમામ ફ્રેન્ચાઈઝીઓએ બોલી લગાવી હતી. કાશવીને લઈને ગુજરાત જાયન્ટ્સ અને યુપી વોરિયર્સ વચ્ચે જોરદાર સ્પર્ધા હતી. તેની બોલી ૨ કરોડ રૂપિયા સુધી



પહોંચી હતી. આ પછી યુપીએ ઘણું વિચાર્યું. પરંતુ અંતે ગુજરાત જાયન્ટ્સ જીત્યું. ગુજરાતે તેને ૨ કરોડ રૂપિયામાં ખરીદી હતી. આ સાથે કાશવી ડબલ્યુપીએલઈતિહાસની સૌથી મોંઘી અનકેપ્ડ ખેલાડી બની ગઈ છે. ૨૦ વર્ષીય કાશવીનું નામ વર્ષ ૨૦૨૦માં લાઈમલાઈટમાં આવ્યું હતું. ડોમેસ્ટિક ક્રિકેટમાં અંડર-૧૯ વનડે ટુર્નામેન્ટની એક મેચમાં તેણે હેટ્રિક સાથે તમામ ૧૦ વિકેટ પોતાના નામે કરી હતી. સિનિયર વિમેન્સ્ ૨૦ ટ્રોફીમાં પણ કાશવીએ ૭ મેચમાં ૧૨ વિકેટ ઝડપી હતી. હાલમાં ઈન્ડિયા-છ માટે રમતા કાશવીએ શાનદાર પ્રદર્શન કર્યું હતું.



ઢાકા ખાતે બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી બીજી ટેસ્ટ ક્રિકેટ મેચના ચોથા દિવસે ન્યુઝીલેન્ડના બોલર મિશેલ સેન્ટનરે બાંગ્લાદેશના મહમુદુલ હસન જોયની વિકેટ લીધા પછી ઉજવણી કરતા નજરે પડે છે.

# બીસીસીઆઈની નેટવર્થ વધીને ૧૮,૭૬૦ કરોડ રૂપિયા પહોંચી

। નવી દિલ્હી, તા.૯ ।

ભારતમાં લોકો માટે ક્રિકેટ એક ધર્મ સમાન છે, જેનું પ્રમાણ આ વખતે ભારતમાં યોજાયેલા વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં જોવા મળ્યું હતું. ભારતીય ટીમ ભલે વર્લ્ડકપની ટ્રોફી જીતી શકી ન હતી પરંતુ આઈસીસી અને બીસીસીઆઈએ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩થી ખુબ કમાણી કરી હતી. જુદા જુદા અહેવાલો મુજબ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩થી ભારતીય અર્થવ્યવસ્થાને આશરે ૨૨,૦૦૦ કરોડ રૂપિયાનો નફો થયો છે. વર્ષ ૨૦૦૮માં આઈપીએલનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારથી



બીસીસીઆઈની બેલેન્સ શીટ સતત વધી રહી છે.

હાલમાં મળેલા અહેવાલો મુજબ બીસીસીઆઈની નેટવર્થ વધીને ૧૮,૭૬૦ કરોડ રૂપિયા પહોંચી ગઈ છે. બીસીસીઆઈની નેટવર્થ બીજા નંબર પર વિરાજમાન ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ કરતા ૨૮ ગણા વધુ છે. ઓસ્ટ્રેલિયાના ક્રિકેટ બોર્ડની નેટવર્થ ૬૫૮ કરોડ રૂપિયા છે.

### વિકી કૌશલની ફિલ્મે એનિમલનો સામનો કરવો પડ્યો

# સેમ બહાદૂરનું આઠ દિવસનું કલેક્શન ૪૨.૦૫ કરોડ થયું

। મુંબઈ, તા.૯ ।

વિક્કી કૌશલની ફિલ્મ ‘સેમ બહાદુર’ને બોક્સ ઓફિસ પર રિલીઝના પ્રથમ દિવસથી જ રણબીર કપૂર સ્ટારર ફિલ્મ એનિમલ સાથે ટક્કર કરવી પડવી હતી. જોકે, ‘સેમ બહાદુર’ને પણ દર્શકોને ખૂબ જ પોઝિટિવ રિસ્પોન્સ મળ્યો છે. આ સાથે જ આ ફિલ્મ પણ એનિમલના તોફાન આગળ બોક્સ ઓફિસ પર પોતાની પકડ મજબૂત બનાવી રાખવામાં સફળ રહી છે. ‘સેમ બહાદુર’નું ૮ દિવસનું કુલ બોક્સ ઓફિસ કલેક્શન ૪૨.૦૫ કરોડ રૂપિયા થઈ ગયુ છે.

‘સેમ બહાદુર’ દેશના પ્રથમ ફીલ્ડ માર્શલ સેમ માણેકશોની બાયોપિક છે. આ ફિલ્મમાં વિક્કી કૌશલે સેમ માણેકશોનો લીડ રોલ પ્લે કર્યો હતો અને તેમણે એટલી શાનદાર એક્ટિંગ કરી છે દરેક લોકો તેની એક્ટિંગના વખાણ કરી રહ્યા છે. ‘સેમ બહાદુર’ એ ૬.૨૫ કરોડથી ઓરનિંગ કર્યું હતું. ત્યારબાદ ‘સેમ બહાદુર’ ફિલ્મે બીજા



દિવસે ૯ કરોડ રૂપિયા અને ત્રીજા દિવસે ૧૦.૩ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું.

‘સેમ બહાદુર’ની ચોથા દિવસની કમાણી ૩.૫ કરોડ રૂપિયા હતી. પાંચમા દિવસે ફિલ્મે તેની ગતિ જાળવી રાખી અને ૩.૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. છઠ્ઠા દિવસે ‘સેમ બહાદુર’એ ૩.૨૫ કરોડની કમાણી કરી હતી. વિકી કૌશલની ફિલ્મની સાતમા દિવસની કમાણી ૩ કરોડ રૂપિયા હતી. આ સાથે જ ‘સેમ બહાદુર’નું એક અઠવાડિયાનું કલેક્શન ૩૮.૮ કરોડ રૂપિયા રહ્યું હતું. હવે ફિલ્મના રિલીઝના આઠમા દિવસની કમાણીના શરૂઆતના આંકડા આવી ગયા છે. સૈકનિલ્કની અર્લી ટ્રેન્ડ રિપોર્ટ પ્રમાણે ‘સેમ બહાદુર’એ રિલીઝના આઠમાં દિવસે ૩.૨૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. આ સાથે જ ‘સેમ બહાદુર’નું આઠ દિવસોનું કુલ કલેક્શન હવે૪૨.૦૫ કરોડ રૂપિયા થઈ ગયુ છે.

રણબીર કપૂરની એનિમલને કારણે સેમ બહાદુરને બોક્સ ઓફિસ પર કમાણી કરવા માટે ઘણો સંઘર્ષ કરવો પડ્યો છે. કારણ કે, એનિમલ બોક્સ ઓફિસ પર કમાણીના મામલે ધૂમ મચાવી રહી છે. જો કે, તેમ છતાં, ફિલ્મે તેની રિલીઝના આઠ દિવસમાં રૂ. ૪૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે. હવે આ ફિલ્મ ૫૦ કરોડના આંકડા તરફ આગળ વધી રહી છે. નિર્માતાઓને આશા છે કે વીકએન્ડ પર ફિલ્મ આ માઈલસ્ટોનને પાર કરી લેશે. હાલમાં દરેકની નજર બોક્સ ઓફિસ નંબર્સ પર છે.

### હાઈકોર્ટની લખનઉ બેન્ચનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# સરકારી નોકરીમાં પતિ-પત્નીનું એક સ્થળે પોસ્ટિંગ અધિકાર નથી

## બંનેની એક જ જગ્યાએ પોસ્ટિંગ ત્યારે જ સંભવ હોય છે જ્યારે વહીવટી જરૂરિયાતોને કોઈ નુકસાન ન થતું હોય

। લખનઉ, તા.૯ ।

હાઈકોર્ટની લખનઉ બેન્ચે તેના એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં કહ્યું કે પતિ-પત્ની બંને સરકારી નોકરીમાં હોય તો એક જ સ્થળે બંનેને પોસ્ટિંગ મળે તેના પર વિચાર કરવામાં આવી શકે પણ આ કોઈ અબાધિત અધિકાર નથી. કોર્ટે કહ્યું કે બંનેની એક જ જગ્યાએ પોસ્ટિંગ ત્યારે જ સંભવ હોય છે જ્યારે વહીવટી જરૂરિયાતોને કોઈ નુકસાન ન થતું હોય.

આ ટિપ્પણીઓ સાથે કોર્ટે બેઝિક શિક્ષણ વિભાગની ટ્રાન્સફર નીતિમાં હસ્તક્ષેપનો ઈનકાર કરી દીધો હતો. આ ચુકાદો જસ્ટિસ ઓમ પ્રકાશ શુક્લાની સિંગલ બેન્ચે સેંકડો સહાયક અધ્યાપકો તરફથી દાખલ કુલ ૩૬ અરજીઓ પર એકસાથે સુનાવણી કરતાં આપ્યો હતો. અરજીમાં કહેવાયું હતુ કે તેમના જીવનસાથી નેશનલાઈઝ બેંકો, એલઆઈસી, વીજવિતરણ એકમો, એનએચપીસી, ભેલ, ઈન્ટરમીડિયેટ-કોલેજ, પાવર કોર્પોરેશન તથા બાળ વિકાસ પ્રોજેક્ટ વગેરેના



પબ્લિક સેક્ટરમાં તહેનાત છે. અરજદારોની પોસ્ટિંગ તેમના જીવનસાથીઓથી અલગ સ્થળોએ કરવામાં આવી છે. અરજદારોએ સમાનતાના અધિકારોના ઉલ્લંઘનનો હવાલો આપી એક જ જગ્યાએ પોસ્ટિંગ આપવાની માગ કરી હતી.

કોર્ટે તેના વિસ્તૃત ચુકાદામાં કહ્યું હતું કે સરકારની નીતિમાં કોઈ અનિયમિતતા કે ગેરકાયદેસરતા નથી. કલમ ૨૨૬ની શક્તિઓનો ઉપયોગ કરી સરકાર કે બોર્ડને પોલિસી બનાવવાનો આદેશ ન આપી શકાય અને ન તો ઉપરોક્ત પબ્લિક સેક્ટરના કર્મચારીઓને સરકારી સેવામાં કાર્યરત માની શકાય.

## તંત્રી લેખ...

# રોજિંદા જીવનમાં ઇન્ટરનેટનું મહત્વ

ઈન્ટરનેટ એ સમગ્ર વિશ્વમાં ફેલાયેલું નેટવર્ક છે, જેના દ્વારા કમ્પ્યુટર વિશ્વના કોઈપણ અન્ય કમ્પ્યુટર સાથે કનેક્ટ થઈ શકે છે. તે એકબીજા સાથે જોડાયેલા કમ્પ્યુટર્સનું નેટવર્ક છે. ઈન્ટરનેટ હેઠળ વિવિધ પ્રકારની પ્રોટોકોલ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે, જેના દ્વારા વિવિધ કાર્યો કરવામાં આવે છે. આજે ઈન્ટરનેટના ઉપયોગને ધ્યાનમાં રાખીને, આ સુવિધા લગભગ તમામ શહેરો અને ગામડાઓમાં પણ ઉપલબ્ધ છે. ઈન્ટરનેટની શોધ કોઈ એક વ્યક્તિનું કામ નહોતું પરંતુ તેની શોધ અનેક વૈજ્ઞાનિકો અને ઈજનેરોએ કરી હતી. ૧૯૫૭માં વિન્ટર વોર દરમિયાન, અમેરિકાએ એક વિચાર સૂચવ્યો અને એક એવી ટેક્નોલોજી બનાવવાનું નક્કી કર્યું કે જેના પછી તમે એક કમ્પ્યુટરને બીજા કમ્પ્યુટર સાથે સરળતાથી કનેક્ટ કરી શકશો. જેનું સૂચન સૌને ગમ્યું અને તેઓ પાસ થયા. હવે એ સૂચન આજના સમયમાં ઉપયોગી થઈ રહ્યું છે. ૧૯૮૦માં તેનું નામ ઈન્ટરનેટ રાખવામાં આવ્યું. આજકાલ તે લોકોની જીવાદોરી કહેવાય છે. જે રીતે દેશમાં પાકનું ઉત્પાદન વધારવા માટે 'ગ્રીન રિવોલ્યુશન' કરવામાં આવી હતી, તેમ દૂધ ઉત્પાદનનો વિસ્તાર વધારવા માટે 'શ્વેત ક્રાંતિ' કરવામાં આવી હતી, તેવી જ રીતે આ સદીમાં ઈન્ટરનેટનો જે રીતે ઉપયોગ કરવામાં આવે છે તે જોવા મળે છે. કે જાણે હાલનો સમય 'ઈન્ટરનેટ રિવોલ્યુશન'નો છે કારણ કે જે ઝડપે તેના ક્ષેત્રમાં નવી શોધ અને સુવિધાઓ આવી રહી છે, તેનો વિકાસ છેવાડાના વિસ્તારોમાં પણ પહોંચશે. આ ઉપરાંત ઈન્ટરનેટ દ્વારા, તમે જ્યાં પણ હોવ ત્યાંથી તમે દુનિયાભરની વસ્તુઓ શોધી શકો છો. આનાથી તમે કોઈપણ રોગ, કોઈ જગ્યાએ અલગ-અલગ પ્રકારના ખોરાક અને બીજી ઘણી વસ્તુઓ વિશે જાણી શકો છો. કારણ કે તે તમને દરેક પ્રકારની સુવિધાઓ પૂરી પાડે છે.ઈન્ટરનેટ પત્રકારત્વ આ દિવસોમાં ખૂબ જ લોકપ્રિય છે. દરેકને આ પર કામ કરવાનું પસંદ છે. આના દ્વારા તમે જ્યાં પણ હોવ ત્યાં દરેક પ્રકારના સમાચાર સરળતાથી તમારા સુધી પહોંચે છે. તમારે કંઈ કરવાની જરૂર નથી, તમે તમારા ફોનમાં એપ્લિકેશન ખોલીને કોઈપણ પ્રકારની માહિતી જાણી શકો છો. ઈન્ટરનેટ પત્રકારત્વ માટે શ્રેષ્ઠ માધ્યમ બની ગયું છે અને તેણે દરેકનું કામ સરળ બનાવ્યું છે. હવે આના દ્વારા તમે ઘરે બેઠા પણ સરળતાથી તમારું કામ કરી શકો છો. આજે બેંકનું કોઈ કામ હોય તો બેંકમાં જઈને લાઈનમાં ઉભા રહીને રાહ જોવાની જરૂર નથી. અમારે ફક્ત અમારા ખાતામાં ઓનલાઈન બેંકિંગ અથવા નેટ બેંકિંગ સુવિધા શરૂ કરવાની જરૂર છે અને પછી ઈન્ટરનેટ દ્વારા આપણે બેંકિંગ સંબંધિત કોઈપણ કામ કરી શકીએ છીએ જેમ કે, પૈસા જમા કરવા, ફંડ ટ્રાન્સફર કરવા, બિલ વગેરે. ડિપોઝિટ, રિચાર્જ વગેરે સરળતાથી બેસીને કરી શકાય છે. ઈન્ટરનેટના ઘણા ફાયદા છે, પરંતુ તેટલા જ ગેરફાયદા પણ છે કારણ કે તેના કારણે તમે અનેક પ્રકારની સમસ્યાઓનો ભોગ બનો છો.

# તા. ૮-૧૨-૨૦૨૧ એ સીડીએસ બિપીન રાવતે ૧૦૦% આપણી સંસ્કૃતિનો જરૂર ઉદય થશે, એ વિશ્વાસ સાથે જ મોતને ગળે લગાડ્યું હશે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

તા. ૯/૧૨/ નાં હેડલાઈન ન્યૂઝમાં હૉસ્પિટલ અને શિક્ષણક્ષેત્રમાં ટ્રાન્ઝેકશન વધારીને રૂપિયા ૫ લાખ સુધીની કરવામાં આવી. મણીપુરમાં ૩૦ વર્ષથી લાગુ કરાયેલી દારૂબંધી ભાજપ સરકારે ઉઠાવી લીધી. મિસાઈલ અગ્નિ ૧ નું સફળ ટ્રેનીંગ લોન્ચ થયું, ધરતી પુત્ર પર ફરી વરસસે કહેર! કમોસમી વરસાદની ફરી આગાહી. લોકસભા માંથી મહુઆ મોઈત્રા ને કરાયા બરતરફ ! અદાણી ને મુદ્દે મેં સવાલ ઉઠાવ્યો એટલે જ મને બર તરફ કરાઈ! એવું એમનું નિવેદન. સ્પાય લોન એપ્સ તરીકે કામ કરતી ૮ એપ્સને ગૂગલે ડીલીટ કરી. અમદાવાદ ના સાબરમતી ખાતે દેશનું પ્રથમ બુલેટ ટ્રેન નું સ્ટેશન તૈયાર. તા ૮/૧૨ ના છાપાઓમાં દિલ્હી એઈમ્સમાં રહસ્યમય ન્યુમોનિયાના સાત કેસ આવવાથી લોકોમાં ફડફડાટ!

મોદી સરકારે દસ વર્ષ અને અટલજીની સરકાર છ વર્ષ કેન્દ્રમાં સત્તાપર રહી છતાં પીઓકે જીતી લાવતા કોણે રોક્યા! પીઓકે જીતી લાવો આખું ઈન્ડિયા આપને મત આપશે! એવો ચૌધરીનો આક્ષેપ. ભારતીય મૂળની ક્રિસ્ટન કૌલ જો બાઈડનની પાર્ટી માંથી ચૂંટણી લડશે! જો જીતે તો ઈતિહાસ સર્જી શકે છે! રાજકોટમાં ૪૮ અને વલસાડમાં ૫૬ કિલો ગાંજો પકડાયો. વ્હાઈટ કોલર જોબમા આઈટી અને શિક્ષણ ક્ષેત્રે ૧૨% નો ઘટાડો. વડોદરામાં આરોગ્ય વિભાગ એ ૨૨ વેપારીનાં લાયસન્સ રદ કર્યા, તો રાજકોટમાં ફૂડ શાખા એ નમુના લેવાનું શરૂ કરતાં વેપારીઓમાં વ્યાપ્યો હડકંપ! ગુજરાતમાં કામના ભારણ ને કારણે જીવન ટૂકવનારની સંખ્યા વધી. ઉત્તર વિરુદ્ધ દક્ષિણ ભાગલાવાદી ઓનો નવો પેંતરો. શ્વાનની ખતરનાક પ્રજાતિઓ પાળવા પર પ્રતિબંધની માગણી. તારીખ ૯ મીના છાપામાં નાના અક્ષરે એક સમાચાર એ છે કે, તળાજા પાસેના



પીથલપુરના કેરાળા ગામનો એક જવાન આસામમાં આર્મી ટ્રેનિંગ પૂરી કરી પરત આવ્યો, અને ગામ લોકોએ તેનું ઉષ્માભેર સ્વાગત કર્યું. પરંતુ આ બે દિવસના નાના-મોટા અક્ષરોના સમાચારોમાં એકેય સમાચાર સૈન્યના વડા સીડીએસ બીપીન રાવતને શ્રદ્ધાંજલિ આપતા નથી, એ તપાસ્યું ત્યારે અંતરને જરાક ખેદ થયો, અને વિચાર્યું કે છાપા વાળાઓ ભૂલી જાય, પણ આટલી મોટી કુરબાની દેનારને આપણે ભૂલવો જોઈએ નહીં. માટે મા ભારતીની રક્ષા કરનારા બીપીન રાવતને એમની બીજી પુણ્ય તિથિ નિમિત્તે ભાવભરી શ્રદ્ધાંજલિ. ૮ ડિસેમ્બર, ૨૦૨૧એ તામિલનાડુના કુન્નૂરની પાસે હેલિકૉપ્ટર દૂર્ઘટનામાંમાં જનરલ બિપિન રાવત, તેમની પત્ની મધુલિકા અને ભારતીય સશસ્ત્ર દળોના ૧૧ અન્ય અધિકારીઓનુ નિધન થઈ ગયુ હતુ.

દિવંગત જનરલ બિપિન રાવતને તેમની બીજી પુણ્યતિથિ પર આપણા મન, હ્દય અને આત્માથી નમન છે. સીમાઓની સુરક્ષા માટે જનરલ બિપિન રાવત દ્વારા કરવામાં આવેલા સાહસી નિર્ણયો અને સશસ્ત્ર દળોના મનોબળને હંમેશા ઉંચુ રાખવા માટે તેમના દ્વારા આપવામાં આવેલા યોગદાનને દેશ હંમેશા યાદ રાખશે, દિવંગત જનરલ બિપિન સિંહ લક્ષ્મણ સિંહ રાવત તેમની બીજી પુણ્યતિથિ પર મન, હ્દય, અને આત્માથી શત શન નમન. તેની દિવંગત આત્માને શાંતિ મળે, અને કાશ્મીરી ઉગ્રવાદીઓની વિરુદ્ધ તેમના સ્ટેન્ડ માટે ભારત તેમને હંમેશા યાદ રાખશે! એવા મોટા મોટા નિવેદનો એમના નિધન સમયે રાજકારણીઓ દ્વારા થયાં, પરંતુ હકીકત શું છે? માત્ર બે વર્ષમાં જેને નાના અક્ષરના સમાચાર તરીકે પણ સ્થાનને મળ્યું! જય હિન્દ,કે પછી ૐ શાંતિ શાંતિ શાંતિ, કેટલું સહજતાથી આપણે કોઈના મૃત્યુ પર આ શબ્દો બોલતા હોઈએ છીએ, અથવા તો હવે તો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા હોઈએ છીએ, અને ત્યારે પણ આવું આપણે સૌએ કર્યું હશે. પરંતુ જે ઘટના ઘટી એને માટે માત્ર આટલા શબ્દો પર્યાપ્ત છે ? આપણા ઘરોમાં આપણે સુરક્ષિત રહી શકીએ, આપણા પરિવારો સાથે આપણા નીજી વહેવારો અને તહેવારો ઉજવી શકીએ, એ માટે થઈને સરહદ પર કેટલાય જવાનો શહીદ થાય છે. ત્યારે આપણે જય હિન્દ કે પછી અન્ય કોઈ રીતે તેમને શ્રદ્ધાંજલિ દઈએ છીએ. માત્ર આટલું કરવાથી કંઈ થાય ખરું! દેશપ્રેમનો એ જઝબાત ત્યારે સોશિયલ મીડિયાના દરેકે દરેક પ્લેટફોર્મ પરથી જોવા મળ્યો હતો. પણ બોલવું અને કરવું આ બંને હાથીના દાંત જેવું છે,અને એ જ છે આજના સમાજની માનસિક્તા ! જે સૌથી વધુ પીડે છે. એટલે કે આપણે બોલી તો ઘણું લેતા હોઈએ છીએ, પણ ખરેખર જ્યારે એને અમલમાં મૂકવાનું આવે, અથવા તો દેશપ્રેમ દેખાડવાનો આવે, ત્યારે આપણે ચૂકી જતા હોઈએ છીએ. એવી તો નાની-નાની કેટલીયે બાબતો છે, કે જે આપણે તટસ્થતાથી નિભાવી એ તો સાચા દેશપ્રેમી કહેવાઈ. પરંતુ સીડીએસ બીપીન રાવત એ સાચા દેશપ્રેમી હતાં, અને આ દુર્ઘટનામાં ભારતે બહુ મોટા સૈન્યના વડાને ગુમાવ્યા છે.

દેશની સરહદો એમના થકી સુરક્ષિત હતી,જે હવે ખરેખર ચિંતાનો વિષય છે. આપણે તો એના વિશે બહુ શું ખબર હોય! પણ વાંચતી હતી, તો તેમણે કેટલીક સિદ્ધિઓ હાંસલ કરી હતી, અને મોટે ભાગે એવી બોર્ડર ઉપર તેમણે ફરજ બજાવી હતી કે, ત્યાં સતત જાનનો ખતરો રહેતો, છતાં તે હિંમતપૂર્વક આ કામ પાર પાડતાં. તેમનો ઈતિહાસ જોતાં છેલ્લાં સો વર્ષથી તેનો પરિવાર દેશની આ રીતે સેવા કરે છે, એટલે કે પિતા, તેમના દાદા, પરદાદા, બધા જ સૈન્યમાં કોઈને કોઈ પદ સંભાળતા હતાં.

આજકાલ સમાજમાં જ્યાં જુઓ ત્યાં ભ્રષ્ટાચાર દેખાય છે, અને એને કારણે જ્યારે આ સમાચાર સાંભળ્યા હતાં ત્યારે સહેજ એમ પણ થયું હતું કે ક્યાંક ષડયંત્ર ના હોય! કારણ કે જે હેલિકોપ્ટર માં તેઓ સફર કરી રહ્યા હતાં, એ હેલિકોપ્ટર બહુ જ અદ્યતન ટેકનોલોજી થી સુરક્ષિત હતું, અને વડાપ્રધાન તેમજ રાષ્ટ્રપતિ કક્ષાના વડાઓના આવન-જાવન માટે વપરાતું હતું. છતાં આ ઘટના ઘટી, એટલે બહુ ખેદ થાય એ સ્વાભાવિક છે. કેટકેટલી સિદ્ધિઓ અને એવોર્ડ તેને એનાયત કરવામાં આવ્યા હતાં, ૩૧ ડીસેમ્બર ૨૦૧૯ માં એમને સીડીએસની પદવી એનાયત કરવામાં આવી હતી. લશ્કરની ત્રણે પાંખના વડા અથવા તો ત્રણે પાંખને કમાન્ડ કરનારાને સીડીએસ કહેવામાં આવે છે, અને તેમની પર વડાપ્રધાન કે રાષ્ટ્રપતિનું પણ વર્ચસ્વ રહેતું નથી. સરહદ પરના યુદ્ધ સમયે તે દેશના હિત માટેના નિર્ણયો લઈ શકે, એ માટે થઈને આ પદવી ૧૫ મી ઓગસ્ટના દિવસે નરેન્દ્ર મોદીએ તેની જાહેરાત કરી હતી. પણ હજી તો તેમની અંતિમ વિધિની ક્રિયાઓ ચાલતી હતી, ત્યાં રાજકારણમાં અટકળો પણ થવા લાગી છે, કે હવે કોણ બનશે નવા સીડીએસ? એમનાં નિધન બાદ નવ મહિને બીજા. સીડીએસ તરીકે લેફ્ટેનન્ટ અનિલ ચૌહાણ ને નિયુક્ત કરવામાં આવ્યા. પણ આપણી માનસિકતા આવી જ છે, જલ્દી જગ્યા ભરો પછી તે અંદર હોય કે બહાર! અને એટલે જ ભાવની શુદ્ધતા બરકરાર રહેતી નથી.

પરંતુ સીડીએસ બિપીન રાવત એ ૧૦૦% આપણી સંસ્કૃતિનો ઉદય જરૂર થશે,એ વિશ્વાસ સાથે જ મોતને ગળે લગાડ્યું હશે!! એટલે આપણે સીડીએસ બિપિન રાવતને જો સાચી શ્રદ્ધાંજલિ દેવી હશે તો, આપણે હવે જાગવું પડશે, આવું ક્યાં સુધી!! આવું ક્યાં સુધી!! એ એક પ્રશ્નનો ઉત્તર દરેકે પોતાની જાતને દેવો પડશે, અને તો એનું બલિદાન વ્યર્થ નહીં જાય, એ એક સારા કાર્યના નિમિત્ત બની શકે. એટલે કે કોઈ ઘટના ઘટે એના વિશે લોકો વિચારતા થાય, અને હવે આવું નહીં થવા દઈએ, અથવા તો દેશપ્રેમ પ્રબળ બનાવવા હું આટલા સંકલ્પો કરીશ, એવું વચન જ્યારે મા ભારતી ને આપવામાં આવે, ત્યારે આ ઘટના શુભ થઈ શકે. જય હિન્દ.

# આત્મહત્યાએ વર્તમાનની એક ભયંકર વિષાદકથા

સહુને આપણા દેશની યુવા પેઢી પર ખૂબ ગર્વ છે, પરંતુ સિક્કાની બીજી બાજુ પણ હોય છે. કલ્પના કરો કે તે વાત કેટલી શરમજનક છે કે ગયા વર્ષે આ યુવાનોના એક મોટા વર્ગે આત્મહત્યાનો માર્ગ પસંદ કર્યો હતો. નેશનલ ક્રાઈમ ડેટા અનુસાર, ઈ.સ. ૨૦૨૨માં કુલ આત્મહત્યાઓમાં યુવાનોનો હિસ્સો ૩૫% હતો. ઈ.સ. ૨૦૨૨ના રાષ્ટ્રીય અપરાધના આંકડા ખૂબ જ નિરાશાજનક છે. સૌથી નિરાશાજનક આંકડાઓ પૈકી એક એ છે કે ગયા વર્ષે દેશભરમાં દરરોજ સરેરાશ ૫૦૦ જેટલી આત્મહત્યા થઈ હતી. જિંદગીથી સ્વહસ્તે છેડો ફાડવાનો ખોટો નિર્ણય લેનારા એ રોજના પાંચસો લોકો આપણા વર્તમાનની એક ભયંકર વિષાદકથા છે. તેનો અર્થ શું છે? તણાવના ઘાતક સ્તર સુધી કોઈ ઉકેલ મળ્યો નથી અથવા શોધી શકાતો નથી. આ બાબતમાં ત્રણ મુખ્ય ખામીઓ છે. નબળી માનસિક સ્વાસ્થ્ય અંગેની માળખાકીય સુવિધા, સંબંધિત કાયદાઓમાં સ્પષ્ટતાનો અભાવ અને વિવિધ સામાજિક નિષેધ જે લોકોને મદદ મેળવવાથી અટકાવે છે. ગયા વર્ષે આત્મહત્યા કરનારાઓમાંથી એક તૃતીયાંશ ખેડૂતો અને રોજમદાર મજૂરો હતા. ૧૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ એ બીજું સૌથી મોટું જૂથ છે, જેમણે પોતાનો જીવ આપ્યો. માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતો કહે છે કે કોચિંગ હબ કોટા જેવા સ્થળોએ, જ્યાંથી વિદ્યાર્થીઓની આત્મહત્યાના વારંવાર અહેવાલો આવે છે, ત્યાં સતત માનસિક મૂલ્યાંકન અને કાળજી સાથે વિશેષ વ્યૂહરચનાઓની જરૂર છે. તેમ છતાં આપણે કોટામાં જોયું, જ્યાં આ ચાલુ વર્ષે ૨૩ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે, ત્યાં સત્તાવાળાઓએ માત્ર બાલ્કનીઓની નીચે જાળી મુકવાનું અને પંખામાં સ્પ્રિંગ મૂકવાનું નક્કી કર્યું હતું. આ તો વળી કેવા પ્રકારનો ઉકેલ છે? ઈ. સ. ૨૦૧૭માં, માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ સાથે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૯ હેઠળ આત્મહત્યાના પ્રયાસને અપરાધ જાહેર કરવામાં આવ્યો હતો. નવા બિલ (ભારતીય ન્યાયિક સંહિતા), કે જે ટૂંક સમયમાં જ સંસદમાં રજૂ કરવામાં આવશે, તેણે કાયદાકીય જોગવાઈને સંપૂર્ણપણે દૂર કરી દીધી છે. સુધારેલ મ્શજીમાં, આત્મહત્યા માટે ઉશ્કેરવાના ગુના નાબૂદીની જોગવાઈ અકબંધ છે, જે સાબિત કરવું અત્યંત મુશ્કેલ છે. ગત સોમવારે સુપ્રીમ કોર્ટે ફરી કહ્યું કે આત્મહત્યાની ઉશ્કેરણી માટે કોઈ વ્યક્તિને દોષિત ઠેરવવા માટે જરૂરી છે કે આરોપીનો ગુનાહિત ઈરાદો અને ઉશ્કેરવાનું કૃત્ય મૃતકના આત્મહત્યાના સમયની નજીક હોવા જોઈએ. એક કેસને રદબાતલ કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવા પુરાવા વિના ટ્રાયલ એ 'કાનૂની પ્રક્રિયાનો દુરુપયોગ' કરતાં વધુ કંઈ નથી. મોટે ભાગે નબળી પોલીસ તપાસ એ જ સાચી સમસ્યા હોય છે. આત્મહત્યાના પ્રયાસોમાંથી બચી ગયેલા લોકોને સમર્થન અને લાંબા ગાળાની મદદની જરૂર હોય છે. જ્યારે ઘરના સંજોગો તેમને લાચાર છોડી દે છે ત્યારે તેઓ કઈ દિશામાં વળે છે? આંકડા દર્શાવે છે કે ૩૨% આત્મહત્યાના કિસ્સાઓ 'પારિવારિક સમસ્યાઓ'ના કારણે થયા હતા. ભારતીયો તેમની મોટાભાગની જરૂરિયાતો માટે પરિવાર અને સમાજના સમર્થન પર આધાર રાખે છે, નાણાંકીય બાબતોથી લઈને વ્યક્તિગત બાબતો સુધી, તેમ છતાં માનસિક સ્વાસ્થ્યનો મુદ્દો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આત્મહત્યા હેલ્પલાઈન્સ અને સપોર્ટ નેટવર્ક્સ ઉપરાંત, માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓની આસપાસના સામાજિક નિષેધને દૂર કરવું મહત્વપૂર્ણ છે અને એ કામ એક કૂદકે પહાડ ઓળંગવા જેવું અઘરું છે. આપણે એવું સામાજિક વાતાવરણ બનાવવું જોઈએ કે જેથી કોઈ પણ વ્યક્તિ પોતાની માનસિક સમસ્યાઓ ખુલ્લેઆમ શેર કરી શકે.

# સમગ્ર વિશ્વમાં આજે ૧૦ ડિસેમ્બરના રોજ 'વિશ્વ માનવ અધિકાર દિવસ'ની ઉજવણી થશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

સમગ્ર વિશ્વમાં આજે તા.૧૦ ડિસેમ્બરને રવિવારના રોજ વિશ્વ માનવ અધિકાર દિવસ'ની ઉજવણી તા.૧૦ ડિસેમ્બરના રોજ ઉજવણી કરવામાં આવે છે. દરેક માનવી પોતે મુળભુત રીતે જ જન્મની સાથે જે અધિકારો સાથે જન્મે છે અને જીવનપર્યત જે અધિકારોને કોઈપણ જાતની અડચણ વગર મુક્ત રીતે ભોગી શકે તેવા તમામ અધિકારોને માનવ અધિકારો ગણી શકાય. માનવી જન્મે છે. જીવે છે પરંતુ પોતાનું જીવન જીજીવિશા સાથે જીવંત તાપૂર્ણ જીવી શકે તે માટે પ્રત્યેક માનવીના પોતાના અધિકારો જરૂરી પણ છે અને અનિવાર્ય પણ. સમગ્ર વૈશ્વીક ફલક પર જરા નજર કરીએ તો સવારે સૂર્યના ઉગવા અને આથમવાની અવિરત પ્રક્રિયાની જેમ માનવ અધિકારો હનનના બનાવો બન્યા જ કરે છે. જેનું મુખ્ય કારણ પોતાના જ અધિકારો ની જાણકારીનો અભાવ છે અને અન્યના અધિકારોની અવગણના પણ. સમગ્ર વિશ્વમાં માનવ અધિકારોના ખ્યાલનો વિકાસ અને ઉદભવ ૧૩મી સદીમાં ઈંગ્લેંડમાં બનાવાયેલ લેખીત દસ્તાવેજ' મેગ્નાકાર્ટા'ના ને ગણી શકાય. આ દસ્તાવેજમાં માનવીને માનવી હોવાના કારણે જે અધિકારો પ્રાપ્ત થાય છે તેવા તમામ અધિકારો પ્રાપ્ત થવા જોઈએ તેવા તમામ કુદરતી અધિકારો 'મેગ્નાકાર્ટા' દસ્તાવેજથી ઈંગ્લેંડની પ્રજાને આપવામાં આવેલ હતા. ઈ.સ. ૧૯૧૪ થી ૧૯૧૯ના પ્રથમ વિશ્વયુધ્ધ સમયે માનવ અધિકારો નો વૈશ્વીક કાયદો બનાવવા વિશે વૈશ્વીક સ્તરે ચર્ચાઓ શરૂ થઈ હતી. પરંતુ આ સમયગાળા દરમ્યાન માનવ અધિકારો વિશેનો કાયદો બનાવવામાં સફળતા પ્રાપ્ત ન થવાથી તે ખયાલ વિશેનો સર્વસંમતિથી કાયદો બનાવી શકાયેલ ન હતો. જેના ફલશ્રુતીરૂપે સમગ્ર વિશ્વના તમામ દેશોને વિશ્વયુધ્ધના માઠા પરિણામો ભોગવવા પડેલ ઈ.સ. ૧૯૪૫માં સમગ્ર વૈશ્વીક સ્તરે માનવીને માનવી તરીકે મળતા અધિકારો અંગે સૌપ્રથમ વખત 'માનવ અધિકાર' શબ્દોનો પ્રયોગ કરવામાં આવેલો. માનવ અધિકાર' શબ્દનો અર્થ સમજતા પહેલા અધિકાર શબદને સમજવો ખુબજ જરૂરી છે. અધિકાર એટલે માનવીનું હિત છે કે જે કાયદા દ્વારા માનવીના હિતને સુરક્ષીત રાખવામાં આવેલું છે. સમગ્ર વિશ્વમાં માનવ અધિકારોના રક્ષણ અર્થે યુનોએ સૌપ્રથમ વખત યુર્નિવર્સલ ડિકલેરેશન ઓફ હ્યુમન રાઈટસ (યુડીએચઆર) નામનો દસ્તાવેજ બનાવમાં આવેલો હતો. આ ધોષણાપત્રમાં જણાવ્યું કે તમામ માનવીઓ તેમના અધિકારો અને ગૌરવ બાબતમાં જન્મથી સમાન છે અને તમામને કોઈપણ જાત કાળા-ગોરા (રંગ), વર્ણ, જાતી (સ્ત્રી- પુરૂષ), ભાષા,ધર્મ, રાજકીય કે અન્ય વિચારો,રાષ્ટ્રીય કે સામાજીક મુળ (વતન), મિલકત, જન્મ કે અન્ય કોઈ હોદ્દાના તફાવતો વિના તમામ અધિકારો અને સ્વાતંત્રતાઓ પ્રાપ્ત થાય છે. ભારતીય બંધારણમાં અપાયેલ માનવી અધિકારો દરેક વ્યકતિને માત્રને માત્ર સરકાર વિરૂધધ જ પ્રાપ્ત થતાં હોવાથી માનવ અધિકારોના ભંગ બદલ રાજ્ય સેવક વિરૂધ્ધ જ ફરિયાદ કરી શકાય છે. માનવ અધિકાર ભંગની ફરિયાદ વ્યકતિ-વ્યકતિ વિરૂધધ દાખલ કરી શકાતી નથી. માનવ અધિકારોના ભંગના કિસ્સાઓમાં કોર્ટમાં જ ફરિયાદ કરી જ શકાય છે, પરંતુ તેના સિવાય પણ જેમ કે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (એનએચઆરસી) તેમજ રાજ્ય માનવ અધિકાર આયોગ સમક્ષ પણ લેખીત ફરીયાદ કરીને પણ આગળની જરૂરી કાર્યવાહી કરી શકાય છે. આ ઉપરાંત મહિલાઓ પોતાના માનવ અધિકાર ભંગની ફરિયાદ રાષ્ટ્રીય મહિલા આયોગ અને રાજય મહિલા આયોગને પોતાની ફરિયાદો કરી શકે છે. તેમજ અનુસુચિત જાતી અને અનુસુચિત આદિજાતીના લોકો રાષ્ટ્રીય અનુસુચિત જાતી અને અનુસુચિત જાતી આયોગ સમક્ષ ફરિયાદ કરી તેના માનવ અધિકારો ના ભંગ બદલ વળતર પ્રાપ્ત કરી શકે છે. ભારતીય બંધારણમાં દરેક માનવીને તમામ માનવ અધિકારો અપાયા હોવા છતા ગુજરાત માનવ વિકાસમાં પછાત છે તેમ ગુજરાત સરકારે પણ સ્વીકારવું પડયુ છે. અહિ પ્રશ્નો એવો ઉપસ્થિત થાય છે કે શું માત્ર કાગળ ઉપર અધિકારો આપી દેવાથી અધિકારો ભોગવી શકાય ? તેના સંદર્ભમાં સમજવા જેવી એ બાબત છે કે સરકારી બધા તંત્રોમાં પણ માણસો જ કામ કરે છે અને આ માણસો કાયદાના રખેવાળ બનવાની બદલે કાયદાના ભંગને નજર અંદાજ કરે છે. જે લોકો પાસે રાજકીય, આર્થિક કે ધાર્મિક સતાઓ છે તેવા લોકો સતાનો દૂરઉપયોગ કરી અન્ય માણસોના અધિકારોનું હનન કરે છે.દશમી ડિસેમ્બરના રોજ એટલે કે આજે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ છે. આખા વિશ્વમાં દર વર્ષે દશમી ડિસેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ ઉજવવામાં આવે છે, આ વર્ષે પણ તે ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. આ વર્ષની થીમ 'સમાનતા - અસમાનતા ઘટાડવી, માનવ અધિકારોને આગળ વધારવી' છે. દશમી ડિસેમ્બર, ૧૯૪૮ ના રોજ સંયુક્ત રાષ્ટ્રએ માનવ અધિકારોની વિશ્વ ઘોષણા જાહેર કરીને પ્રથમ વખત માનવ અધિકારની વાત કરી હતી.

જોકે સત્તાવાર રીતે આદિવસની જાહેરાત ૧૯૫૦માં કરવામાં આવી હતી. એસેમ્બલીએ આ દિવસે 'આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ' ઉજવવા માટે તમામ દેશોને આમંત્રિત કર્યા હતા,ત્યારબાદ એસેમ્બલીએ ઠરાવ ૪૨૩ (વી) પસાર કરીને તમામ દેશો અને સંબંધિત સંસ્થાઓને આ દિવસની ઉજવણી કરવા માટે આહ્વાન કર્યું હતું. માનવ અધિકાર દિવસની ઉજવણીની સૂચના જાહેર કરવામાં આવી હતી. માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા ૫૦૦ થી વધુ ભાષાઓમાં ઉપલબ્ધ છે.

આવા સમયેભારતમાં માનવ અધિકાર અધિનિયમ ૨૮ સપ્ટે મ્બર, ૧૯૯૩થી લાગુ કરવામાં આવ્યો હતો અને ૧૨ ઓક્ટોબર, ૧૯૯૩ ના રોજ 'રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ' ની રચનાકરવામાં આવી હતી. જે બાદ દશમી ડિસેમ્બર, ૧૯૪૮ ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા આ ઘોષણાને માન્યતા આપવામાં આવી હતી, અને માનવ અધિકાર દિવસ માટે દશમી ડિસેમ્બરનો દિવસ નક્કી કરવામાં માનવ અધિકાર એટલે વિશ્વમાં રહેતા દરેક માનવીને મળેલા કેટલાક વિશેષ અધિકારો, જે વિશ્વને એકસાથે બાંધે છે, દરેક વ્યક્તિનું રક્ષણ કરે છે,તેને સ્વતંત્રતા સાથે વિશ્વમાં રહેવા દે છે. કોઈપણ વ્યક્તિ સાથે કોઈપણ કિંમતે કોઈ ભેદભાવ ન હોવો જોઈએ, કોઈ સમસ્યા ન હોવી જોઈએ. માનવ અધિકારો એટલા માટે બનાવવામાં આવ્યા હતા કે, તેઓ પોતાનું જીવન ખુશીથી જીવી શકે. માનવ અધિકાર દિવસ લોકોને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે. માનવ અધિકારનો અર્થ છે મનુષ્યને તે તમામ અધિકારો આપવા, જે વ્યક્તિના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવ સાથે સંબંધિત છે. આ તમામ અધિકારો ભારતીય બંધારણના ભાગ-૩માં મૂળભૂત અધિકારોના નામે હાજર છે અને જેઓ આ અધિકારોનું ઉલ્લંઘન કરે છે, તો તેમને કોર્ટ દ્વારા સજા કરવામાં આવે છે. માનવ અધિકારોમાં આરોગ્ય, આર્થિક, સામાજિક અને શિક્ષણ નો અધિકાર પણ શામેલ છે. માનવ અધિકાર એ એવા મૂળભૂત કુદરતી અધિકારો છે કે, જેનાથી જાતિ, જ્ઞાતિ, રાષ્ટ્રીયતા, ધર્મ,લિંગ વગેરેના આધારે મનુષ્ય ને વંચિત અથવા દમન કરી શકાય નહીં.ભારતમાં ૧૨ ઓક્ટોબર, ૧૯૯૩ના રોજ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની રચના કરવામાં આવી હતી, ત્યારથી માનવ અધિકાર આયોગ રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યના ક્ષેત્રોમાં પણ કામ કરે છે. જેમ કે વેતન, એચ આઈ વી.એઈડ્સ, આરોગ્ય, બાળ લગ્ન, મહિલા અધિકાર. માનવ અધિકાર પંચનું કામ વધુને વધુ લોકોને તેમના અધિકારો વિશે જાગૃત કરવાનું છે.જો કે,ભારતમાં માનવાધિકારની વાત કરીએ તો સ્પષ્ટ થાય છે કે, આજે પણ ઘણા લોકો પોતાના અધિકારો હોવા છતાં માનવ અધિકારો વિશે જાગૃત નથી. પછાત રાજ્યો અને ગામડાઓમાં જ્યાં સાક્ષરતાનું સ્તર થોડું નીચું છે,ત્યાં માનવ અધિકારોનું ઉલ્લંઘન સામાન્ય છે. આવા વિસ્તારોમાં સત્તા ધરાવતા લોકો તેમને અનુસરતાનથી અને સામાન્ય લોકો પર દબાણ બનાવે છે. શહેરોમાં માનવ અધિકારો પ્રત્યે જાગૃત લોકો હોય છે, પરંતુ તેઓ તેનો ખોટો ફાયદો પણ ઉઠાવે છે. ભારતમાં નાગરિકોને આપવામાં આવેલ મૂળભૂત અધિકારો-સમાનતા અથવા સમાનતાનો અધિકાર (કલમ ૧૪થી કલમ ૧૮)સ્વતંત્રતાનો અધિકાર (કલમ ૧૯ થી ૨૨) શોષણ સામે અધિકાર (કલમ ૨૩ થી ૨૪). ધર્મની સ્વતંત્રતાનો અધિકાર (કલમ ૨૫ થી ૨૮) સંસ્કૃતિ અને શિક્ષણનો અધિકાર (લેખ ૨૯ થી ૩૦) બંધારણીય અધિકારો (કલમ ૩૨)દેશના દરેક નાગરિકની ફરજ હશે કે તે બંધારણનું પાલન કરે અને તેના આદર્શો, સંસ્થાઓનું સન્માન કરે.-રાષ્ટ્રીય ચળવળને પ્રેરણા આપનારા ઉચ્ચ આદર્શોને વળગી રહેવું અને તેનું પાલન કરવું. દેશની સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાની રક્ષા કરો અને તેને અકબંધ રાખો. આપણી તમામ ક્ષમતા સાથે દેશની રક્ષા કરો. ભારતના તમામ લોકોમાં સંવાદિતા અને સમાન બંધુત્વની ભાવના ઉભી કરવી. આપણી સામાજિક સંસ્કૃતિની ભવ્ય પરંપરાના મહત્વને સમજો અને તેનું નિર્માણ કરો. કુદરતી પર્યાવરણનું રક્ષણ અને સંવર્ધન કરવું. નાગરિકોએ વૈજ્ઞાનિક અભિગમ અને જ્ઞાન પ્રાપ્તિની ભાવના વિકસાવવી જોઈએ. નાગરિકોએ જાહેર સંપત્તિનું રક્ષણ કરવું જોઈએ. સામૂહિક અને વ્યક્તિગત પ્રવૃત્તિઓના તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા તરફ આગળ વધવાના સતત પ્રયાસો કરવા જોઈએ. ૬ થી ૧૪વર્ષની વયના બાળકોને માતાપિતા અથવા વાલી દ્વારા પ્રાથમિક શિક્ષણ પરું પાડવું. વર્તમાન સમયમાં પ્રત્યેક માનવી એ થોડુ વિચારવાની જરૂર છે કે શુ વર્તમાન સમયમાં માનવી તરીકે પ્રાપ્ત થયેલા માનવ અધિકારોને આપણે ભોગવી શકીએ છીએ? ઉકત પ્રશ્નનો જવાબ આપણે પોતે જ શોધવાની જરૂર છે કારણ કે સમાજમાં જેવી પ્રજા હોય તેવોજ તેનો શાસક હોય છે.આથી વર્તમાન સમયમાં જો આપણે મુક્તપણે આપણે આપણાં અધિકારો ભોગવવા માંગતા હોઈએ તો આપણે પણ બીજાના માનવ અધિકારોને માન-સન્માન આપતા શીખવું જ પડશે અને ત્યારે જ આપણે આપણાં અધિકારોનો વધુમાં વધુ સારી રીતે ઉપભોગ કરી શકીશું અને સમાજના તમામ વ્યકતિને તેના માનવ અધિકારોની જાળવણી કરવામાં મદદરૂપ સાબિત થઈ શકીશું.


## ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ સગીર બાળકોને અશ્લીલતા પીરસે છે?

અત્યારના સમયમાં મોબાઈલમાં ઓટીટી પર અને ઓનલાઈન ફિલ્મો અને રીલ્સ જોવાનું ચલણ ખૂબજ વધી ગયું છે. ત્યારે નાના નાના બાળકો પણ આખો આખો દિવસ મોબાઈલ જોતા હોય છે. ત્યારે જ્યારે બાળકોને સર્ચ કરતા આવડી જાય પછી તો બાળકો ફોનમાં ગમે તેવા કન્ટેન્ટ જોતા હોય છે અને તેની સીધી અસર બાળકો પર જોવા મળે છે. ત્યારે હવે સોશિયલ મિડીયાના થતા દુરૂપયોગ સામે અમેરિકાના ન્યૂ મેક્સિકોના એટર્ની જનરલે મેટાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ સામે મોરચો ખોલ્યો છે. એટર્ની જનરલે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર બાળકોના શોષણનો આરોપ લગાવતા કેસ દાખલ કર્યો છે. ન્યુ મેક્સિકોના એટર્ની જનરલ રાઉલ ટોરેઝે આક્ષેપ કર્યો છે કે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ અશ્લીલતાને પ્રોત્સાહન આપે છે અને વાંધાજનક પોસ્ટ દ્વારા સગીરોને અશ્લીલતા કરવા માટે ઉશ્કેરે છે. રાઉલ ટોરેઝને જણાવ્યું હતું કે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એવા ગુનેગારોનું સીધું બજાર બની ગયા છે કે જ્યાં બાળકો શિકાર બની રહ્યા છે. ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ ફીડ્સમાં વાંધાજનક અને પ્રતિબંધિત સામગ્રી પણ ઉમેરવામાં આવે છે. જેના માટે રાઉલ ટોરેઝે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને કેટલાક બાળકોના ફેક એકાઉન્ટ બનાવ્યા હતા. આ એકાઉન્ટ્સ બનાવતાની સાથે જ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામના એલ્ગોરિધમના કારણે તેના પર અશ્લીલ તસવીરો અને એડલ્ટ કન્ટેન્ટ દેખાવા લાગ્યા. રાઉલ ટોરેઝે મેટાને તેની નીતિમાં મોટા ફેરફારો કરવાનો આદેશ આપવા કોર્ટને અપીલ કરી છે. જેથી ભવિષ્યમાં બાળકોને અશ્લીલ સામગ્રી, સાયબર ગુંડાગીરી અને જાતીય શોષણનો ભોગ બનવાથી સુરક્ષિત કરી શકાય. મેટા એ એવી દલીલ કરી હતી કે બાળકોના હિતોના રક્ષણ માટે તમામ જરૂરી પગલાં લેવા જોઇએ. નોંધનીય છે કે ઈન્સ્ટા અને ફેસબુકના માલિક માર્ક ઝુકનબર્ગ સામે અમેરિકાની સરકાર કાર્યવાહી કરે તો નવાઈ નહિ. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર યૌન ઉત્પીડનના વધતા બનાવોને રોકવા માટે ફેસબુકએ ખાસ ટેકનીકનો ઉપયોગ કરી એક ટૂલ તૈયાર કર્યું છે. આ ટૂલ અશ્લીલ ફોટો અને વીડિયોને જાતે જ શોધી લેશે અને તેને ડિલીટ પણ કરી દેશે.

## સફેદ વાળને ૩૦ જ મિનિટમાં કાળા કરશે આ નેચરલ પાવડર

તમને તમારા માથા પર કાળા વાળ કરતાં વધુ સફેદ વાળ દેખાય છે? ચાલો આજે તમને એવી નેચરલ હેર ડાઈ વિશે જણાવીએ જે મિનિટોમાં વાળ કાળા કરી દેશે. આ કલર લગાવવો ખૂબ જ સરળ છે. સફેદ વાળને છુપાવવા માટે, આપણે ઘણીવાર બજારમાં મળતી મોંઘી પ્રોડક્ટ્સ યુઝ કરીએ છીએ. આ પ્રોડક્ટ્સ વાળને થોડા દિવસો માટે કાળા કરે છે, પરંતુ લાંબા ગાળે વાળને નુકસાન પહોંચાડી શકે છે. ઘણી વખત આ પ્રોડક્ટ્સ વાળને ડ્રાય થવાનું કારણ બને છે. મોટાભાગની સ્ત્રીઓ કેમિકલ કલરનો ઉપયોગ કરતી નથી, તેથી તેઓ મહેંદીનો ઉપયોગ કરીને સફેદ વાળ છુપાવે છે.

મહેંદી વાળને કલર કરી શકે છે, પરંતુ તેને કાળા નથી કરતી. આજે અમે તમને એક નેચરલ કલર વિશે જણાવવા જઈ રહ્યા છીએ જે તમારા વાળને નુકસાન પહોંચાડ્યા વિના તમારા સફેદ વાળને છુપાવશે. કેમિકલ બેઝ્ડ કલર લગાવ્યાના ૧૫ દિવસ પછી તમારે ફરીથી ટચઅપ કરવું પડશે, પરંતુ આ નેચરલ કલર લગાવ્યા પછી તમારે ૩૦-૪૦ દિવસ સુધી ચિંતા કરવાની જરૂર નથી. અમે જે નેચરલ કલર વિશે વાત કરી રહ્યા છીએ તે છે ઈન્ડિગો પાવડર અને તેનો ઉપયોગ વાળને કાળા કરવા માટે થાય છે. ચાલો તમને ઈન્ડિગો પાવડર વિશે વિગતવાર જણાવીએ. ઈન્ડિગો પાવડર એ ઈન્ડિગોના પાંદડામાંથી મેળવવામાં આવતો પાવડર છે. તેમાં ગ્લાયકોસાઈડ નામનું સંયોજન છે, જે તેની કલરિંગ ઈફેક્ટ માટે જાણીતું છે. આ કલર તૈયાર કરવા માટે, પાંદડાને




પાણીમાં પલાળવામાં આવે છે અને પછી તેને આથો આપવામાં આવે છે. આ સફેદ નીલ છોડે છે, જે જ્યારે ઓક્સિડાઈઝ થાય છે ત્યારે ઘેરા વાદળી રંગની ડાઈમાં તૈયાર થાય છે. આ એક નેચરલ હેર ડાઈ છે જે વાળને નેચરલી કાળો રંગ આપવા માટે જાણીતો છે.

ઈન્ડિગો પાવડર જે નેચરલ કલર આપે છે તે વાળના ફોલિકલ્સને પણ મજબૂત બનાવે છે અને રસપ્રદ વાત એ છે કે તે તમામ પ્રકારના વાળ માટે સુરક્ષિત છે. તે કેમિકલ રંગોની જેમ વાળને નુકસાન કરતું નથી. તેનાથી વાળ ડ્રાય થતા નથી અને તેનાથી વાળમાં ચમક પણ આવે છે. તેનાથી વાળ ખરવાની સમસ્યા પણ થતી નથી. આ હેર ડાઈ તૈયાર કરવામાં પણ ખૂબ જ સરળ છે. ધ્યાનમાં રાખો કે તે એકવાર તૈયાર કરી શકાય છે અને માત્ર એક જ વાર ઉપયોગ કરી શકાય છે. ઈન્ડિગો પેકેટને કાચના બાઉલમાં બહાર કાઢો અને તેમાં થોડું ગરમ પાણી ઉમેરીને ઘટ્ટ પેસ્ટ બનાવો. આ મિક્સરને ૨૦ મિનિટ માટે આમ જ રહેવા દો. તમારો ઈન્ડિગો હેર ડાઈ તૈયાર છે.

ઈન્ડિગો પાવડર એ વાદળી રંગનો પાવડર છે. તેમાંથી બ્લેક કલર મેળવવા ઉપરાંત તમે બ્લુ, બ્રાઉન, મહોગની અને ચેરી બ્રાઉન કલર પણ મેળવી શકો છો. તેથી, જ્યારે તમને કાળો રંગ સિવાયનો કોઈ રંગ જોઈતો હોય ત્યારે તેને સીધો જ લગાવો. તમે તેને બે રીતે વાળમાં લગાવી શકો છો. એક રીત એ છે કે તમે તેને મહેંદી સાથે લગાવો અને બીજી રીતે તમે તેને મહેંદી વગર પણ લગાવી શકો છો. સૌથી પહેલા એક બાઉલમાં મેહેંદી પાવડર અને ચા પત્તીનું પાણી મિક્સ કરીને આખી રાત પલાળી રાખો. જો તમે ઈચ્છો તો તેમાં દહીં પણ ઉમેરી શકો છો. બીજા દિવસે, તમારા માથા પર મહેંદી લગાવો અને તેને ૪૫ મિનિટ માટે છોડી દો.

આ પછી, શેમ્પૂ વગર વાળને સારી રીતે ધોઈ લો. વાળને સુકાવો અને જ્યારે વાળ થોડા ભીના હોય ત્યારે તૈયાર કરેલો ઈન્ડિગો પાવડર લગાવીને ૩૦ મિનિટ માટે રહેવા દો. જ્યાં સુધી તમે ઈચ્છો તેટલો ઘાટો રંગ મેળવવા માંગતા હોવ ત્યાં સુધી તેને લગાવી રાખો. તમારા વાળને શેમ્પૂથી ધોઈ લો અને તેને સુકાવો. આ પછી, ઈન્ડિગો પાવડર તૈયાર કરો અને આ પછી ભીના વાળને અલગ-અલગ ભાગોમાં વહેંચો. દરેક વિભાગ પર સમાનરૂપે લગાવો અને ઓછામાં ઓછા ૧ કલાક માટે રહેવા દો. તમે તેને આના કરતા વધુ સમય માટે લગાવી રાખી શકો છો. જેનાથી રંગ ઘાટો થઈ જશે. તમારા વાળને શેમ્પૂ વિના ધોઈ લો અને ૨૪-૪૮ કલાક પછી તમારા વાળને હળવા શેમ્પૂથી ધોઈ લો.

## શિયાળામાં એક વાર ખાઈ લો આ ફળ, આખો દિવસ ભૂખ લાગશે નહીં, શુગર-બીપી કંટ્રોલમાં રહેશે



ઠંડીની શરુઆત થતાં જ લોકોમાં આળસ આવી જતી હોય છે અને તેઓ પોતાની એક્સરસાઈઝ બંધ કરી દેતા હોય છે. સાથે જ પોતાના ખાનપાનમાં પણ બદલાવ કરતા હોય છે. ત્યારે આવા સમયે જરુરી છે કે, ડાયટમાં અમુક એવી વસ્તુઓ સામેલ કરે, જેનાથી આપની ફિટનેસ જળવાઈ રહે. આ કામ માટે શિંગોડા ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. શિંગોડાનું સેવન કરવાથી સ્વાસ્થ્યને ખૂબ જ ફાયદા મળશે. તેના સેવનથી શરીરને રોગ સામે લડવામાં ખૂબ જ મદદ મળશે. આમ તો શિંગોડા પાણીમાં ઉગે છે. તેનો છોડ પણ પાણીમાં પણ મોટો થાય છે. આ ફળનું સેવન ઠંડીમાં કરવામા આવે છે, જે શરીરને અંદરથી ગરમ રાખે છે. શિયાળામાં ફિટનેસ જાળવી રાખવા અને વધી રહેલા વજનને કંટ્રોલમાં કરવા માગતા હોવ તો શિંગોડાના ફળ આપના માટે ખૂબ જ ફાયદાકારક છે. તેમાં ન ફક્ત આપની ઈમ્યૂનિટી સિસ્ટમ મજબૂત થશે, પણ બીપી શુગર જેવા રોગથી લડવાની આપની ક્ષમતા શરીરમાં વધી જશે. શિયાળામાં મૌસમમાં મોટા ભાગે લોકો પોતાની ખાણી પીણી હેવી કરી દેતા હોય છે. એટલા માટે લોકોના વજન પણ વધી જતાં હોય છે. એટલા માટે લોકો પરેશાન થવા લાગે છે, પણ જે લોકો તેનાથી છુટકારો મેળવવા માગે છે તેમને શિયાળામાં શિંગોડાનું સેવન કરવું જોઈએ. કેમ કે તેનાથી સ્વાસ્થ્યને ઘણા ફાયદા થશે. આ ફળમાં પોટેશિયમ, ઝિંક, વિટામિન બી, વિટામિન ઈ જેવા કેટલાય પોષક તત્વો જોવા મળે છે. જે શરીરને ટોક્સિક પદાર્થને બહાર કરીને આપના સ્વાસ્થ્યને તંદુરસ્ત કરી દેશે. શિંગોડાનું સેવન કરવાથી વારંવાર ભૂખ લાગતી નથી અને વ્યક્તિ ઓવર ઈટિંગથી બચે છે. શિંગોડાથી પાચનતંત્ર પણ મજબૂત થાય છે. શિયાળાની સિઝન આવતા જ દુકાનો પર શિંગોડા મળવાનું શરુ થઈ જાય છે. જેને પાણીમાં બાફીને લોકો ખાય છે. એટલું જ નહીં શિંગોડાનો લોટ પણ ઘણી આઈટમો બનાવવા માટે વપરાય છે. તમારા શહેરમાં બજારોમાં તે આસાનીથી મળી જશે. ઠંડીમાં મીઠા શિંગોડા દરેક લોકોને ખૂબ ભાવે છે. ઠંડીમાં આ શાકમાંથી પુષ્કળ પ્રમાણમાં પૌષ્ટિક તત્વો મળી આવે છે. આ ખનીજ અને કાર્બોહાઈડ્રેટના ગુણોથી ભરપૂર હોય છે. આયુર્વેદમાં પણ શિંગોડાના ગુણોને ખજાનો કહેવામાં આવે છે. જે લોકોને બવાસીરની સમસ્યા છે શિંગોડા એ લોકા માટે પણ ફાયદાકારક છે. બવાસીરની સમસ્યા થવા પર કાચા શિંગોડા નિયમિત ખાવાથી પરેશાની દૂર થશે.

## રોજ નાળિયેર પાણી પીવાથી થાય છે ખૂબ ગજબના ફાયદા

ગરમીના સમયમાં નાળિયેર પાણી વ્યક્તિની તરસ છીપાવવાની સાથે સાથે શરીરને ઠંડક પણ આપે છે. નાળિયેર પાણીનું સેવનઆરોગ્ય માટે ખૂબફાયદાકારકછે. નાળિયેર પાણીનું સેવન ડિહાઈડ્રેશન, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને વજન વધવા જેવી સમસ્યાઓને દૂર રાખે છે. તેનાથી તમારા બ્યુટી પ્રોબ્લેમ્સ પણ દૂર રહે છે. તો જાણો નાળિયેર પાણી પીવાના કેટલાક ફાયદા અને રોજ શરૂ કરો તેનું સેવન. એક નાળિયેરનાં પાણીમાં ૨૮૩ કેલરી અને ૪૧ ટકા ફેટ હોય છે, તે વજન ઘટાડવામાં મદદ કરે છે. સાથે સાથે તેમાં૧૬ મિગ્રા સોડિયમ, ૮ ટકા પોટેશિયમ, ૧૦ ટકા આયર્ન, ૨ ટકા વિટામિન ડી,૬.૦ ટકા વિટામિન બી૬ અને છ ટકા મેગ્નેશિયમ હોય છે. તેમાં એન્ટીઓક્સિડન્ટ, મેંગેનીઝ, એમિનો એસિડ અને સાઈટોકાઈન જેવાં પોષકતત્વો પણ હોય છે. નાળિયેર પાણી એ હેલ્ધી ડ્રિંક છે. જે પોષક તત્વોથી ભરપૂર હોય



છે. જો તમે તેને રોજ પીશો તો તેનાથી ઘણા સ્વાસ્થ્ય લાભ થશે. તમારી જાણકારી માટે, અમે તમને જણાવીએ કે તે પોટેશિયમ અને મેગ્નેશિયમ જેવા ઈલેક્ટ્રોલાઈટ્સનો નેચરલ સોર્સ છે. રોજ નાળિયેર પાણી પીવાથી શરીરમાં પાણીની ઉણપ પુરી થઈ જાય છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે જો તમે રોજ નાળિયેર પાણી પીશો તો તેની તમારા શરીર પર શું અસર થશે?આવો જાણીએ નાળિયેર પાણી પીવાના ફાયદા. ઈન્ડિયન એક્સપ્રેસમાં છપાયેલા સમાચાર અનુસાર, હૈદરાબાદની યશોદા હોસ્પિટલના કન્સલ્ટન્ટ જનરલ ફિઝિશિયન ડૉ. શ્રી કરણ ઉદેશ તનુગુલાએ જણાવ્યું કે, નાળિયેર પાણીમાં ૯૪ ટકા પાણી અને બહુ ઓછુ ફેટ હોય છે. તેમાં મેગ્નેશિયમ, સોડિયમ અને પોટેશિયમ જેવા ઘણા મહત્વપૂર્ણ પોષક તત્વો હોય છે. એક કપ એટલે કે લગભગ ૨૪૦ મિલી નાળિયેર પાણીમાં ૬૦ કેલરી હોય છે.

નાળિયેર પાણીનો અન્ય એક સંભવિત વધારાનો ફાયદો એ છે કે તે મેગ્નેશિયમનો સારો સોર્સ છે. તે ઈન્સ્યુલિનની સંવેદનશીલતામાં સુધારો કરી શકે છે અને ટાઈપ ૨ ડાયાબિટીસને વધુ સારી રીતે કંટ્રોલ કરવામાં મદદ કરી શકે છે.

BOLLYWOOD NEWS FLASH

## કરણ કુંદ્રાની ગર્લફ્રેન્ડ તેજસ્વી પ્રકાશે પહેર્યો સાઈડ કટ ડ્રેસ

। મુંબઈ, તા.૯ ।

અભિનેત્રી તેજસ્વી પ્રકાશે ટીવી સીરિયલ નાગિન ૬ થી ખૂબ જ લોકપ્રિયતા મેળવી છે. આ સિવાય તેજસ્વી તેની પર્સનલ લાઈફને લઈને પણ ઘણી ચર્ચામાં છે. કરણ કુન્દ્રા સાથેના તેના ઘણા ફોટા વાયરલ થતા રહે છે. તેજસ્વી પ્રકાશ કરણ કુંદ્રાને ડેટ કરી રહી છે. તાજેતરમાં જ તેજસ્વી તેના લુકને કારણે ફરી એકવાર ચર્ચામાં આવી છે. અભિનેત્રીએ તેના લેટેસ્ટ લુકથી ખૂબ જ હલચલ મચાવી છે. તમને જણાવી દઈએ કે તેજસ્વી બ્લેક ડ્રેસમાં ખૂબ જ ગ્લેમરસ લાગી રહી છે. તેજસ્વીના આ અવતારને ઈન્ટરનેટ પર ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે. તેજસ્વી બ્લેક ડ્રેસમાં ઈન્ટરનેટ પર ધૂમ મચાવી રહી છે. ઘણા લોકો તેજસ્વીનો લુક જોઈને તેને ખૂબ જ ટ્રોલ કરી રહ્યા છે. તેજસ્વી પ્રકાશને આ સાઈડ કટ બ્લેક ડ્રેસમાં જોઈને યુઝર્સે તેને ખૂબ જ ટ્રોલ કરી હતી. એક યુઝરે લખ્યું- 'ઉર્ફી માત્ર નામથી બદનામ છે', જ્યારે બીજા યુઝરે લખ્યું- આ લોકો કેવા કપડાં પહેરે છે ?', એક્ટ્રેસનો વીડિયો જોઈને એક યુઝરે કહ્યું- બિગ બોસ કર્યા પછી આ થોડી વધારે ફેશન કરવા લાગી છે. તમને જણાવી દઈએ કે તેજસ્વીએ ઘણી હિટ સિરિયલોમાં કામ કર્યું છે. અભિનેત્રીએ એકતા કપૂરના શો નાગિન ૬થી દર્શકોના દિલમાં ખાસ જગ્યા બનાવી હતી. થોડા સમય પહેલા આ શો ઓફ એર થઈ ગયો હતો.



## વર્ષ ૨૦૨૦માં રાણી મુખર્જીને પાંચમો મહિનો ચાલતો હતો ત્યારે તેને ગર્ભપાત થયો હતો

। મુંબઈ, તા.૯ ।

રાની મુખર્જીના વિશે દરેક વ્યક્તિ જાણે છે કે તેને સંતાનમાં એક દીકરી છે. પરંતુ હજુ સુધી કોઈને ખબર નથી કે તે બીજા બાળક માટેનુ પણ પ્લાનિંગ કરી રહી હતી. એ બાળક પણ તેના ગર્ભમાં હતુ. હજુ થોડા વર્ષ પહેલાની જ વાત છે. વર્ષ ૨૦૨૦. પરંતુ એ બાળકને બચાવી ન શકાયુ. રાનીનું એ બાળક માત્ર પાંચ મહિનાનું જ થયુ અને ગર્ભપાત થઈ ગયો. જો કે રાનીએ ડરના ગર્ભપાતની આ વાતો કોઈને જણાવી ન હતી. જો કે આ ડર શા માટે ? રાની મુખર્જીએ હાલમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન જણાવ્યુ કે તે ફિલ્મ મિસ્ટર એન્ડ મિસિસિ ચેટર્જી કરી રહી હતી. એ ફિલ્મમાં પણ રાની એક સત્ય ઘટના આધારિત કહાનીમાં માતાનો રોલ કરી રહી હતી. જેમા એ માતાએ તેના બાળક ગુમાવ્યુ હતુ. જો એ વખત એ ખબર ફેલાઈ જતી કે રાનીએ વાસ્તવિક જિંદગીમાં પમ તેનુ બાળક ગુમાવ્યુ છે તો અનેક લોકો તેને પબ્લિસિટી સ્ટંટ ગણાવતા. એ ભયના રાનીએ મિસકેરેજની વાત છુપાવી રાખી. સતત બે વર્ષ સુધી તેમણે કોઈને ખબર ન પડવા દીધી. રાની મુખર્જીએ છાતીમાં પીડા સાથે આખી ફિલ્મ પુરી કરી. ફિલ્મ પ્રમોશન દરમિયાન પણ તેમણે તેના આંસુને રોકી રાખ્યા હતા. રાની મુખર્જીની આ માનસિક સ્થિતિ વિશે બહુ નજીકના લોકો સિનાય કોઈને ખબર ન હતી. સેટ પર પણ તેમણે બધાથી આ વાત છુપાવી રાખી હતી. રાની મુખર્જીએ બધુ જ તેની અંદર દબાવીને રાખ્યુ. ટ્રોલર્સના ડરના કારણે. તેને એવો ડર હતો કે કોઈ તેની ભાવનાઓની ચિંતા નહીં કરે. તેને એ વિચારીને ભારે ડર લાગતો કે લોકો તેને ખરી ખોટી સુણાવશે. ઘણા સમય સુધી તેમણે તેનુ મોં બંધ રાખ્યુ અને હાલમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન તેમણે જણાવી દીધુ.



## કચ્ચા... બદામ... ગર્લ અંજલી અરોરાએ ખરીદ્યુ આલીશાન ઘર

। મુંબઈ, તા.૯ ।

કચ્ચા બદામ ગર્લ અંજલિ અરોરાએ આલીશાન ઘર ખરીદ્યુ, કિંમત જાણી હોંશ ઉડી જશે રિયાલિટી શો લોકઅપ ફેમ અંજલિ અરોરાએ પોતાની કમાણીથી દિલ્હીમાં એક આલીશાન ઘર ખરીદ્યું છે. અંજલિએ સોશિયલ મીડિયા પર ઘર અને હાઉસવોર્મિંગની તસવીરો શેર કરી છે. હાલમાં જ અંજલિએ એક કાર પણ ખરીદી હતી. આ માહિતી તેણે સોશિયલ મીડિયા પર પણ પોસ્ટ કરી હતી. મીડિયા રિપોર્ટ્સમાં અંજલિના આ આલીશાન ઘરની કિંમત લગભગ ૪ કરોડ હોવાનું કહેવાય છે. તેના ઘરમાં તમામ સુખ-સુવિધાઓની સાથે અનેક લક્ઝરી વસ્તુઓ રાખવામાં આવી છે. અંજલિ અરોરાએ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી છે. તેના પરિવાર સહિત અન્ય લોકો પણ ઘરમાં બેઠા છે. આ સાથે પૂજાનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. અંજલિએ તેની પોસ્ટ સાથે તેના ઘરનું નામ પણ જાહેર કર્યું છે. તેણે કેપ્શનમાં જણાવ્યું કે તેના ઘરનું નામ અરોરા હાઉસ છે. તમને જણાવી દઈએ કે અંજલિની સોશિયલ મીડિયા પર ઘણી મોટી ફેન ફોલોઈંગ છે. જ્યારે અંજલિ લોકઅપ રિયાલિટી શોમાં ગઈ ત્યારે શોની હોસ્ટ કંગના રનૌત પણ તેના ફોલોઅર્સની સંખ્યા જાણીને આશ્ચર્યચકિત થઈ ગઈ હતી.



## હૃતિક અને દીપિકા પાદુકોણનો લિપલોક સીન થયો વાયરલ

### ફિલ્મનું ટીઝર સોશિયલ મીડિયા પર ધમાલ મચાવે છે બોલિવૂડ સુપરસ્ટાર Hrithik Roshan અને દીપિકા પાદુકોણ એક સાથે સ્ક્રીન શેયર કરતા જોવા મળશે

। મુંબઈ, તા.૯ ।

વર્ષ ૨૦૨૪ની શરુઆતમાં બોલિવૂડમાં ધમાકેદાર ફિલ્મો જોવા મળશે. જેનુ ટીઝર વર્ષ ૨૦૨૩ની અંતમાં જ જોવા મળી રહ્યું છે. બોલિવૂડ અભિનેતા **Hrithik Roshan**ની મોસ્ટ અવેટેડ ફિલ્મ ફાઈટરનું ટીઝર ૮ ડિસેમ્બરના રોજ રિલીઝ થયુ છે. આ ફિલ્મમાં **Hrithik Roshan** સહિત દીપિકા પાદુકોણ અને અનિલ કપૂર પર જોવા મળશે. આ ફિલ્મનું ટીઝર સોશિયલ મીડિયા પર ધમાલ મચાવી રહ્યું છે. બોલિવૂડ સુપરસ્ટાર **Hrithik Roshan** અને દીપિકા પાદુકોણ એક સાથે સ્ક્રીન શેયર કરતા જોવા મળશે. ફાઈટરના ટીઝરમાં બંને સુપરસ્ટાર હદથી વધારે રોમાંટિક અંદાજમાં જોવા મળ્યા છે. આ ટીઝર રિલીઝ થયા બાદ બંને સુપરસ્ટારના રોમાંટિક ફોટોઝ અને વીડિયો સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થયા છે. આ ટીઝરમાં દીપિકા ફરી પઠાણ ફિલ્મની જેમ બોલ્ડ અવતારમાં જોવા મળશે. બંને સુપરસ્ટારના લિપલોક સીન અને ઈન્ટીમેટ સીન સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. કેટલાક સોશિયલ મીડિયા યુઝર બંને સુપરસ્ટારને ટ્રોલ કરતા કહી રહ્યા છે કે દેશભક્તિની ફિલ્મમાં આ શું ચાલી રહ્યું છે ? જ્યારે અન્ય કેટલાક સોશિયલ મીડિયા યુઝર આ ટીઝરની પ્રશંસા કરીને આ જોડીને બોલિવૂડના ઈતિહાસની સૌથી હોટ જોડી કહી કહ્યા છે. સિદ્ધાર્થ આનંદના નિર્દેશનવાળી ફિલ્મ ફાઈટર ૨૫ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ થિયેટર્સમાં રિલીઝ થશે. આ ફિલ્મમાં **Hrithik Roshan** સ્ક્વાડ્રન લીડર શમશેર પઠાનિયાની ભૂમિકામાં જોવા મળશે. દીપિકા પાદુકોણ આ ફિલ્મમાં સ્ક્વાડ્રન લીડર મિનાલ રાઠોડના પાત્રમાં જોવા મળશે.



# ઝાલોદ તાલુકાના ધાવડીયા મુકામે ટ્રક ચાલક અને બાઈક સવાર વચ્ચે સર્જાયો અકસ્માત, બાઇક સવારનું મોત




। પંકજ પંડિત ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ તાલુકાના ધાવડીયા મુકામે તારીખ ૦૮-૧૨-૨૦૨૩ શુક્રવારના રોજ આસરે બપોરે ત્રણ કલાકે મોનાડુંગર તરફથી ઝાલોદ તરફ આવતા પલસર મોટરસાઈકલ જેનો નંબર **GJ-20-S-1935** હતો. તે મોટરસાઈકલ પર બે વ્યક્તિ સવાર હતા. જેમાંથી એક વ્યક્તિ નકુલ દલસીંગ ડામોર બાઈક ચલાવતો હતો અને તેના સાથે તેનો મિત્ર પણ બાઈક પાછળ બેસી ઝાલોદ તરફ આવતા હતા. તે દરમ્યાન ઝાલોદ તરફ થી જતી અશોક લેયલેન્ડ ટ્રક જેનો નંબર **RJ-09-GC-5759** પૂરઝડપે આવી રહી હતી ત્યારે ધાવડીયા મુકામે ટ્રક ચાલકની બેફિકરાઈ રીતે હંકારી રહેલ હતો.

ટ્રક ચાલકની ગફલત રીતે ચલાવવાના લીધે ઝાલોદ તરફ આવતી મોટરસાયકલ સાથે એક્સીડેન્ટ થયેલ હતું. એક્સીટેન્ટ થતાં ટ્રક ચાલક ગાડી મૂકી નાશી ગયેલ હતો. આ એક્સીડેન્ટમાં બંને બાઈક ચાલક જમીન પર ફેંકાઈ ગયેલ હતા. આ અકસ્માતમાં મોટરસાઈકલ ચાલક નકુલ ડામોરને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેનું મોત થયેલ હતું.

# વિરપોરના ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉષ્માભેર સ્વાગત કર્યું



। નાંદોદ, તા.૯ ।

નાંદોદ તાલુકાના વિરપોર ખાતે જિલ્લાના અગ્રણીશ્રી ઘનશ્યામભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાને ઉષ્માભેર આવકાર આપી સરકારની યોજનાકીય ફિલ્મને નિહાળીને વિકસિત ભારતના નિર્માણની સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી.

આ પ્રસંગે ગ્રામજનોએ વડાપ્રધાનશ્રીના પ્રેરક ઉદબોધનને વર્ચ્યુઅલ માધ્યમથી નિહાળ્યો હતો. આ તકે જિલ્લાના અગ્રણીશ્રી ઘનશ્યામભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગ્રામજનો કેન્દ્ર અને રાજ્ય સરકારની ૧૭ જેટલી ફ્લેગશીપ યોજનાઓની માહિતી આપી લાભ લેવા ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. આ તકે "મેરી કહાની મેરી જુબાની" અંતર્ગત વિવિધ યોજનાના વ્યક્તિગત લાભાર્થીઓએ યોજનાકીય લાભોથી જીવનમાં આવેલા આમુલ પરિવર્તનની કહાની ગ્રામજનો સમક્ષ પ્રસ્તુત કરી બાકી રહી ગયેલા લોકોને યોજનાનો લાભ લેવા પ્રેરિત કર્યા હતા. વધુમાં કાર્યક્રમ સ્થળે પરંપરાગત માધ્યમનો અસરકારક ઉપયોગ કરીને પ્રજાલક્ષી યોજનાનો લોકસંદેશો ગ્રામજનો સુધી પહોંચાડવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે સરપંચશ્રીને અભિલેખા પત્ર એનાયત કર્યું હતું. ઉપરાંત, વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ કરાયું હતું. ધરતી કરે પુકાર અંતર્ગત બાળકોએ પ્રાકૃતિક ખેતીને અપનાવવા નુકકડ નાટક થકી પ્રેરક સંદેશો આપ્યો હતો.

# સંતરામપુર તાલુકાના ગોઠીબડા ગામમાં જર્જરીત રસ્તા શેરી લાઇટ વિના ગ્રામ્ય જનો પરેશાન





। ઓમકારસિંહ ચૌહાણ સંતરામપુર, તા.૯ ।

મહીસાગર જિલ્લા ના સંતરામપુર તાલુકા ના ગોઠીબડા ગામ માં રોડ ની સમસ્યા દિવસે ને દિવસે વધતી જતી જોવા મળી રહી છે ગામમાં એક પણ શેરી લાઈટ નથી છેલ્લા કેટલાય સમયથી રોડનું કામ થયેલ નથી ગ્રામ્યજનો ની વારંવાર કરેલી ફરિયાદો છતાં ગ્રામ્યજનો નું કોઈ સાંભળનાર નથી રોડ રસ્તા ખરાબ હોવા ના કારણે તેમજ શેરી લાઈટ ન હોવાના કારણે જો કોઈ અકસ્માત સર્જાશે તો જવાબદાર કોણ આજે ગુજરાત વિકાસ નું મોડલ બની રહ્યું છે અને ગુજરાત ના ગામડા સારા રોડ રસ્તા શેરી લાઈટ થી વંચીત છે.

# કપરાડાના આંબાજંગલ ગામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું ઉષ્માપૂર્ણ સ્વાગત




। વલસાડ, તા.૯ ।

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના આંબાજંગલ ગામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું ઉષ્માપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું. નાની બાળાઓએ સંકલ્પ યાત્રા રથને અક્ષતઃ કુમકુમથી વધાવ્યો હતો. ગ્રામજનોએ સરકારની યોજનાલક્ષી ટૂંકી ફિલ્મ નિહાળી હતી તેમજ મહાનુભાવોના હસ્તે વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ પણ મેળવ્યા હતાં.

ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક આવકાર આપી સંકલ્પ રથયાત્રાનું સ્વાગત કર્યુ હતું. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને વિવિધ યોજનાના લાભ આપવામાં આવ્યા હતાં. આ વલસાડ જિલ્લા પંચાયતના સભ્ય નિર્મળાબેન જાદવે જણાવ્યું કે, વિકસિત ભારત સંકલ્પ રથના માધ્યમથી છેવાડાના માનવીઓને પણ સરકારના વિવિધ વિભાગોની યોજનાના ઘરબેઠા જ લાભ મળે છે. વિવિધ યોજનાઓના લાભ આપવા જ વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગ્રામજનોને દ્વાર આવી છે. જેથી સરકારની યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરૂ છું. આરોગ્ય વિભાગ દ્વારા કેમ્પમાં ટીબીની ૨૦૧, સિકલસેલની ૪૨ લોકોએ તપાસ કરાવી હતી. જ્યારે ૫૧૧ લોકોની આરોગ્યલક્ષી તપાસ કરી સારવાર તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું તેમજ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત નવા આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા હતાં. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો ૧૪ લાભાર્થીઓને લાભ મળ્યો હતો.

આ ઉપરાંત 'મેરી કહાની મેરી જુબાની' અંતર્ગત લાભાર્થીઓએ સરકારની યોજનાઓના મળેલા લાભના સુખદ અનુભવો વર્ણવ્યા હતાં. આ કાર્યક્રમમાં મહાનુભાવો તથા ગ્રામજનોએ વિકસિત ભારત માટેના શપથ લઈ દેશના વિકાસમાં વધુને વધુ પોતાનું યોગદાન આપવા સંકલ્પબદ્ધ થયાં હતાં. આ પ્રસંગે કપરાડા તાલુકા પંચાયતના સભ્ય હીરાબેન ભગુભાઈ માહલા, જિલ્લા પંચાયત સભ્ય દક્ષાબેન, તાલુકા પંચાયત સભ્ય ગોપાળભાઈ ઘોટણ, તાલુકા પંચાયત સભ્ય કાકડભાઈ ગાવિત અને ગામના સરપંચ નિર્મળાબેન સંદિપભાઈ સિંગાડ સહિત આગેવાનો, પદાધિકારીઓ-અધિકારીઓ, કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ધરમપુરના માકડબનમાં ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''નું આગમન થતા ગ્રામજનોએ હર્ષભેર સ્વાગત કર્યું

। ધરમપુર, તા.૯ ।



કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચી શકે અને સરકારની યોજનાઓથી લોકો માહિતગાર થાય તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રા વલસાડ જિલ્લાના સંપૂર્ણ આદિવાસી એવા ધરમપુર તાલુકાના માકડબન ગામમાં આવી પહોંચતા ગ્રામજનો દ્વારા ધામધૂમ પૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. જન જનના કલ્યાણ માટે નીકળેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રા ધરમર પુર તાલુકાના માકડબન ગામમાં આવી પહોંચતા ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ અને જિલ્લા પંચાયતના સભ્ય નિર્માળબેન કેશવ જાદવે ગ્રામજનોને વિવિધ યોજનાથી માહિતગાર કરી સરકારી યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. રથ દ્વારા ગ્રામજનોએ વડાપ્રધાનશ્રીનો વિકસિત ભારતના સંકલ્પ અંગેનો સંદેશ નિહાળ્યો હતો. આ પ્રસંગે ધરમપુર તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ અપેક્ષાબેન પટેલ, તાલુકા પંચાયત સભ્ય ગીતાબેન થોરાટ, ગામના સરપંચ બયજીબેન છગનભાઈ પાનિયા, ધામણી પીએચસીના મેડિકલ ઓફિસર ડો. રાહુલ ગાયકવાડ, ડો. જીનલ સુરતી અને માર્ગ અને મકાન ખાતા (પંચાયત)ના મદદનીશ ઈજનેર શ્વેતલ પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ તાલુકાના પેથાપુરા ગામ નજીક બાઈક ચાલક સ્પીડમાં જઇ પછડાટ ખાતાં મોત

। ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ તાલુકાના ચાકલિયા પોલિસ સ્ટેશનમાં તારીખ ૦૮-૧૨-૨૦૨૩ ના રોજ સાંજે સાડા સાત વાગ્યાની આસપાસ બાઈક પર એક વ્યક્તિ સવાર થઈ સ્પીડમાં જતા સમયે બાઈક પરનો કાબુ ગુમાવતા બાઈક પર થી પડી જતાં બાઈક સવારનું મૃત્યુ થવા પામેલ છે.

રાજેશ ચોખાભાઈ ડાંગી પોતાની હીરો ડીલક્ષ મોટરસાઈકલ જેનો નંબર જ્ન.૨૦.છઈ.૪૯૮૮ લઈ પેથાપુર પાણીયા વાળી ચોકડીથી આગળ વળાંકમાં અકસ્માત થયેલ હોવાની માહિતી તેમના કુટુંબીજનોને મોબાઈલ પર મળી હતી. તાત્કાલિક પરિવારજનો પેથાપુર નજીક પાણીયાવાળી ચોકડી થી આગળ પહોંચતા ત્યાં વળાંકમાં ગટરમાં રાજેશભાઈ બાઈક સાથે પડેલ હતા. રાજેશભાઈને શરીરના અંગો પર ગંભીર ઈજાઓ થયેલ હતી ત્યાંથી તાત્કાલિક ૧૦૮ મારફત પેથાપુર સરકારી હોસ્પિટલમાં લઈ જવામા આવેલ હતા અને ત્યાં પ્રાથમિક સારવાર કરી દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે વધુ સારવાર માટે લઈ જવામાં આવેલ હતા ત્યાં ડોક્ટર દ્વારા તપાસ કરવામાં આવતા રાજેશભાઈનું મૃત્યુ થયેલ માલુમ પડેલ હતું. આ અંગે વધુ તપાસ માટે તેમના પરિવાર દ્વારા ચાકલિયા પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ છે.

# કાભઈના મુવાડા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કાર્યક્રમ યોજાયો



**સંતોષ જોશી બ્યૂરોઈન ચીફ**

। સંતરામપુર, તા.૯ ।

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર વિકસિત ભારતના સંકલ્પ સાથે દેશભરમાં ચાલી રહેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આજ રોજ કપડવંજ તાલુકાના કાભઈના મુવાડા પ્રાથમિક શાળા ખાતે ગ્રામજનો અને શાળા પરિવાર દ્વારા ભવ્ય સ્વાગત કરી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા આતરસુંબા તેમજ કપડવંજ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી મુળરાજસિંહ સોલંકીએ પ્રસંગોચિત ઉદબોધન કરી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા સૌએ સહિયારા પ્રયાસો હાથ ધરવા આહવાન કરી સરકારશ્રીની અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓનોની વિગતવાર માહિતિ આપી હતી. કાભઈના મુવાડા ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતિ રેખાબેન પુંજાભાઈ રાઠોડ તથા તલાટી કમ મંત્રી શ્રી તરલાબેન રાઠોડે આ પ્રસંગે સૌ મહાનુભાવોનું સ્વાગત સન્માન કર્યુ હતું. કાભઈના મુવાડા પ્રાથમિક શાળાના આચાર્ય બહેનશ્રી તથા કર્તવ્યનિષ્ઠ શિક્ષક શ્રી મનીષભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સફળ આયોજન તથા સંચાલન કરી વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શાળાની બાલિકાઓ દ્વારા સ્વાગત ગીત, શૌર્ય ગીત, ધરતી કહે પુકાર કે પર્યાવરણ જાગૃતિ સહિતના વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ પ્રસંગે વિવિધ સરકારી વિભાગો અને સંસ્થાઓ દ્વારા વિવિધ સ્ટોલ ઉભા કરી ગ્રામજનોને સરકારની જનકલ્યાણકારી યોજનાઓની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. વિકસિત આત્મનિર્ભર ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં જિલ્લા કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા, પૂર્વ પ્રમુખ શ્રી મૂળરાજસિંહ સોલંકી, નાયબ મામલતદાર શ્રી પરમાર સાહેબ, નોડલ અધિકારીશ્રી તેજસભાઈ ગઢવી, ડે. નોડલ અધિકારી શ્રી આર. જે. રાઠોડ, શ્રી બિપિનભાઈ રાઠોડ આંત્રોલી, શ્રી કિશનભાઈ પરમાર, ગામના સરપંચશ્રી રેખાબેન, ઉપ સરપંચ શ્રી બાબુભાઈ શેખ, તલાટી કમ મંત્રી શ્રીમતિ તરલાબેન રાઠોડ, પૂર્વ સરપંચ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, શ્રી રમણભાઈ પટેલ, શ્રી નાગણેશ્વરી કૃપા ગેસ એજન્સી કપડવંજના સંચાલક શ્રી રાજેન્દ્રસિંહ રાઠોડ, શાળાના આચાર્ય બહેનશ્રી કલ્પનાબેન, કર્તવ્યનિષ્ઠ શિક્ષક શ્રી મનીષભાઈ પટેલ સહિત વિવિધ સરકારી વિભાગોના કર્મચારીઓ, ગામ આગેવાનો, લાભાર્થીઓ, ભાઈઓ બહેનો તથા વ્હાલા બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં મહેસાણા ખાતે રાવળ યોગી સમાજનો તૃતીય સમુહ લગ્નોત્સવ સંપન્ન

। મહેસાણા, તા.૯ ।

યોગીરાજ પ્રગતિ મંડળ મહેસાણા દ્વારા આયોજીત મહેસાણા તાલુકા રાવળ યોગી સમાજના તૃતીય સમૂહલગ્નોત્સવમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સમુહ લગ્ન આજના સમયની માંગ છે. સમુહલગ્નથી સમાજના અનેક પ્રશ્નોનું નિરાકરણ થાય છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણી સંસ્કૃતિ અને વિરાસતને જાળવી રાખીને વિકાસ કાર્ય કરવાની હાકલ કરી છે જેમાં આપણે સૌ સાથે મળીને આગળ વધવાનું છે. તેમણે ઉમેર્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેવાડાનો માનવી મુખ્ય પ્રવાહમા આવે તેવા સરકાર દ્વારા અથાક પ્રયત્નો થઈ રહ્યા છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે રાષ્ટ્ર અમૃતકાળમાં પ્રવેશી રહ્યુ છે, ત્યારે પ્રધાનમંત્રીશ્રી વિકસિત ભારત સંકલ્પ યાત્રાથી દરેક જરૂરીયાતમંદ નાગરિકોને સરકારશ્રીની યોજનાઓનો લાભ મળે તે દિશામાં કામ કરી રહ્યા છે. વિકસિત ભારત યાત્રા જોડવાનું કાર્ય કરે છે જેના થકી નાગરિક, સમાજ અને રાષ્ટ્રનો સહિયારો વિકાસ થઈ રહ્યો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે તૃતીય સમૂહ લગ્નોત્સવમાં ૨૯ નવ યુગલોને આશિર્વાદ પાઠવી શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીનું રાવળ યોગી સમાજ દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું કાર્યક્રમમાં ધારાસભ્ય સર્વેશ્રી કરશનભાઈ સોલંકી, મુકેશભાઈ પટેલ, સુખાજી ઠાકોર, અગ્રણી સર્વેશ્રી ગીરીશભાઈ રાજગોર, મયંકભાઈ નાયક, નટુજી ઠાકોર, રમેશભાઈ સોલંકી,દૂધસાગર ડેરીના ચેરમેન અશોકભાઈ ચૌધરી,અગ્રણી ધીરેનભાઈ ચૌધરી,જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમ પ્રકાશ,જિલ્લા પોલીસ અધિક્ષક અચલ ત્યાગી, નિવાસી અધિક કલેકટર ઈન્દ્રજીતસિંહ વાળા, રાવળ સમાજના અગ્રણી સર્વેશ્રી દેવેન્દ્રભાઈ,હરજીભાઈ સહિત સમાજના અગ્રણીઓ, રાવળ સમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યમાં ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટેન્શન હળવું કરશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે. આજે તમને આ સંગીત સાંભળવા મળશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે- એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આ સાહસને સફળ બનાવવા માટે પરિવારના સભ્યની મદદ લો. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. નાણાકીય દ્રષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે. તમારા ધ્યેયની દિશામાં શાંતિપૂર્વક કામ કરો અને તમે સફલતા સુધી ન પહોંચો ત્યાં સુધી તમારો હેતુ છતો ન કરો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. સમજદારીપૂર્વક રોકાણ કરો. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો. તેમને ફરિયાદ કરવાની કોઈ તક ન આપો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો કેમ કે તમારા કઠોર શબ્દો તમારા પ્રિયપાત્ર અને તમારા વચ્ચેની શાંતિ તથા સંબંધની સરળ ગતિને અસર કરી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો. તમારી સખેત મહેનતનું વળતર મળશે.

### વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે બમ્પર જીત મેળવી

# ધારાસભ્ય બનનારા સાંસદોને ૩૦ દિવસમાં સરકારી ઘર ખાલી કરવા નોટિસ

। નવી દિલ્હી, તા.૯ ।

ત્રણ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે બમ્પર જીત મેળવી હતી. આ ચૂંટણીઓમાં પાર્ટીએ પોતાના ૨૧ સાંસદોને પણ મેદાનમાં ઉતાર્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર હવે જે સાંસદોએ જીત મેળવી છે અને પોતાના સાંસદ પદેથી રાજીનામું આપીને વિધાનસભાનું સભ્યપદ જાળવી રાખ્યું છે તેમને ૩૦ દિવસમાં દિલ્હીમાં તેમના સરકારી બંગલા ખાલી કરવા નોટિસ મળી ગઈ છે.

ગુરુવારે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું હતું કે તેમણે કેન્દ્રીય મંત્રી નરેન્દ્ર સિંહ તોમર, પ્રહલાદ પટેલ સહિત નવ લોકસભા સાંસદોના રાજીનામા સ્વીકારી લીધા હતા. બે કેન્દ્રીયમંત્રી ઉપરાંત રાજીનામું આપનારા અન્ય લોકસભા સાંસદોમાં મધ્યપ્રદેશના રાકેશ સિંહ, ઉદય પ્રતાપ સિંહ અને રીતિ પાઠક સામેલ છે જ્યારે રાજસ્થાનથી દિયા કુમારી, રાજ્યવર્ધન સિંહ રાઠોડ, મહંત બાલકનાથ, કિરોડી લાલ મીણા તેમજ છત્તીસગઢના ગોમતી સાઈ તથા અરુણ સાહુએ પણ રાજીનામું આપ્યું છે. ભાજપના નેતા સીઆર પાટીલની આગેવાની હેઠળની સમિતિ આ પ્રકારના મામલાઓ પર નજર રાખે છે. જ્યાં તેની પાસે સાંસદોના બંગલા સંબંધિત જવાબદારી પણ હોય છે. લોકસભાના સભ્ય પદેથી રાજીનામું આપનારાઓમાં પૂર્વ કૃષિ મંત્રી નરેન્દ્ર તોમર પણ સામેલ છે. જ્યારે મધ્યપ્રદેશથી પ્રહલાદ પટેલ, રીતિ પાઠક, રાકેશ સિંહ, ઉદય પ્રતાપ સિંહના પણ આ યાદીમાં નામ છે. હવે આ તમામ નેતાઓએ દિલ્હીમાં સરકારી બંગલા ખાલી કરવા પડશે.

### હિના ખાનને ટીવી સિરિયલના માધ્યમથી ફેમ મળ્યો

# હિના ખાનની ફિલ્મ ધ કન્ટ્રી ઓફ બ્લાઈન્ડ ઓસ્કાર-૨૪ માટે નોમિનેટ



। મુંબઈ, તા.૯ ।

હિના ખાનને ટીવી સિરિયલના માધ્યમથી ખુબ ફેમ મળ્યો છે. તે પછી તે બિગ બોસમાં પણ જોવા મળી હતી. ટીવી ઈન્ડસ્ટ્રીમાં ધમાલ મચાવનાર હિના ખાન હવે વિદેશોમાં પણ પોતાનું અભિનય બતાવવા તૈયાર છે. હિના ખાનની ફિલ્મ 'ધ કન્ટ્રી ઓફ બ્લાઈંડ'ને ઓસ્કાર ૨૦૨૪ માટે નોમિનેટ કરવામાં આવી છે. આટલું જ નહીં પરંતુ આ ફિલ્મને ઓસ્કાર લાઈબ્રેરીમાં પણ જગ્યા આપવામાં આવી છે. આનાથી ખુશ હિના ખાને ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરી છે. હિના ખાન કહે છે કે ખુશ રહેવાની સાથે તે ઘણી નર્વસ પણ છે. અંધ લોકોના જીવન અને તેમની મુશ્કેલીઓ પર આધારિત આ ફિલ્મ વિદેશમાં ખૂબ જ પસંદ કરવામાં આવી છે. ઓસ્કાર લાઈબ્રેરી દ્વારા ધ કન્ટ્રી ઓફ બ્લાઈંડને લાઈબ્રેરી ઓફ મોશન પિક્ચર્સ આર્ટસ એન્ડ સાયન્સમાં કાયમી સંગ્રહનો ભાગ બનવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ ફિલ્મનું ડાયરેકશન રહબત શાહ કાઝમીએ કર્યું છે.

આઈએમડીબીએ આ ફિલ્મને ૮.૫ રેટિંગ આપ્યું છે. આ ફિલ્મમાં હિના ખાન ઉપરાંત, જિતેન્દ્ર રાય, રાહત શાહ કાઝમી, યુલિયન સીજર જેવા કલાકારોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જો હિના ખાનની આ ફિલ્મ ઓસ્કાર જીતશે તો તે માત્ર તેના માટે જ નહીં પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને ભારત માટે પણ ખૂબ જ ગર્વની વાત હશે.

### વન નેશન, વન સ્ટુડન્ટ હેઠળ એક વિશેષ ઓળખ

# વિદ્યાર્થીઓને હવે આધાર જેવું અપાર આઈડી આપવામાં આવશે

### આ ૧૨ અંકનું આઈડી હશે, જે તેને કિન્ડરગાર્ટનથી લઈને પીએચડીના અભ્યાસ અને નોકરી મેળવવા સુધી મદદરૂપ થશે

। નવી દિલ્હી, તા.૯ ।

'વન નેશન, વન સ્ટુડન્ટ' હેઠળ હવે દરેક વિદ્યાર્થીની એક વિશેષ ઓળખ (૧૨ અંકનું આઈડી) હશે, જે તેને કિન્ડરગાર્ટનથી લઈને પીએચડીના અભ્યાસ અને નોકરી મેળવવા સુધી મદદરૂપ થશે. આ આઈડી જે આધારની જેમ કામ કરશે તેને ઓટોમેટેડ પરમેનન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી (અપાર) નામ આપવામાં આવ્યું છે. આ યોજના શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ થી લાગુ કરવામાં આવશે.કેન્દ્ર સરકારે ઉચ્ચ શિક્ષણ લઈ રહેલા ૪.૫૦ કરોડ વિદ્યાર્થીઓમાંથી




૨.૫૦ કરોડને અપાર આઈડી આપી દીધી છે. બાકીના વિદ્યાર્થીઓ માટે અપારનું કામકાજ ચાલુ છે. શાળાના વિદ્યાર્થીઓ માટે યુનિક આઈડી બનાવવા માટે રાજ્યોમાંથી માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. એકવાર આ યોજના લાગુ થયા પછી, વિદ્યાર્થીઓ દેશમાં ગમે ત્યાં જઈ શકશે અને શાળાથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીનો અભ્યાસ પૂર્ણ કરી શકશે. હાલમાં ટ્રાન્સફર સર્ટિફિકેટ અને અન્ય ગૂંચવણોના કારણે આ પ્રક્રિયા (માઈગ્રેશન) માં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વિદ્યાર્થીના બાલ વાટિકામાં પ્રવેશ મેળવતા જ તેની અપાર આઈડી બની જશે. જેમાં વિદ્યાર્થી અને વાલીઓનું નામ, જન્મ તારીખ, લિંગ, ફોટો અને આધાર નંબર નાખવામાં આવશે. આ આઈડી તેના ઉચ્ચ શિક્ષણ માટે પણ ઉપયોગી થશે. વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષાઓ, જેઈઈ, એનઈઈટી, સીયુઈટી અને અન્ય રાષ્ટ્રીય પ્રવેશ પરીક્ષાઓ માટે અરજી ફોર્મમાં આ આઈડી અપલોડ કરવાની રહેશે. આ આઈડી ને ડીજી લોકર અને એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ સાથે પણ લિંક કરવામાં આવી રહ્યું છે. જ્યારે કોઈ વિદ્યાર્થી અભ્યાસક્રમ, ડિગ્રી, પ્રમાણપત્ર, કૌશલ્ય અથવા અન્ય કોઈ સિદ્ધિ પૂર્ણ કરે છે, ત્યારે તેના પ્રમાણપત્રો તેમાં ઉમેરવામાં આવશે. આ સાથે વિદ્યાર્થીની શૈક્ષણિક લાયકાત અને પ્રમાણપત્રો અલગથી તપાસવાની જરૂર રહેશે નહીં. અભ્યાસ બાદ કેમ્પસ પ્લેસમેન્ટ અને જોબમાં પણ આ યુનિક આઈડી દ્વારા વેરિફિકેશન કરવામાં આવશે.




હૈદરાબાદના ગાંધી ભવન ખાતે કોંગ્રેસ પાર્ટીના નેતાઓએ સોનિયા ગાંધીના ૭૭માં જન્મદિવસની ઉજવણી કરી હતી આ પ્રસંગે કોંગ્રેસના નેતા માણિકરાવ ઠાકરે અને અન્ય લોકો તેલંગાણાના મુખ્યમંત્રી એ રેવંત રેડ્ડી પણ ઉપસ્થિત રહ્યા હતાં.


# દેશમાં એક જ દિવસમાં કોરોનાના ૧૪૮ કેસ નોંધાતા ભારે ફફડાટ

### દર્દીઓની સંખ્યા વધીને ૮૦૮ થઈ, દેશમાં ચેપમાંથી સાજા થવાનો દર ૯૮.૮૧ ટકા છે જ્યારે મૃત્યુ દર માત્ર ૧.૧૯ ટકા

। નવી દિલ્હી, તા.૯ ।

વિશ્વભરમાં હજારો લોકોનો ભોગ લેનાર કોરોના મહામારી હજુ પણ ચિંતાનો વિષય છે. છેલ્લા ઘણા દિવસોથી બદલતા વાતાવરણ વચ્ચે ભારતમાં ફરી કોરોના વાયરસના ચેપના નવા કેસ સામે આવ્યા છે.

દેશમાં ઘણા ભાગોમાં શિયાળાની શરુઆત થઈ ગઈ છે તો કેટલાક ભાગોમાં શિયાળામાં પણ કમોસમી વરસાદ વરસી રહ્યો છે ત્યારે હવે વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોનાના નવા કેસો આવતા ફરી એકવાર ચિંતા વધી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના દ્વારા આજે જાહેર કરાયેલા નવા અપડેટ ડેટા અનુસાર દેશમાં એક દિવસમાં કોરોનાના નવા ૧૪૮ કેસ નોંધાયા છે. આ આંકડા



અનુસાર દર્દીઓની સંખ્યા વધીને ૮૦૮ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર અત્યાર સુધીમાં કોરોના વાયરસના ચેપના કુલ કેસોની સંખ્યા ૪ કરોડ ૫૦ લાખ ૨ હજાર ૮૮૯ છે જ્યારે મૃતકોની સંખ્યા ૫ લાખ ૩૩ હજાર ૩૦૬ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા ડેટામાં રાહતના સમાચાર પણ છે જેમાં કોરોનાથી ૪ કરોડ ૪૪ લાખ ૬૮ હજાર ૭૭૫ લોકો ચેપમાંથી સ્વસ્થ થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ દેશમાં ચેપમાંથી સાજા થવાનો દર ૯૮.૮૧ ટકા છે જ્યારે મૃત્યુ દર માત્ર ૧.૧૯ ટકા છે. સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટ અનુસાર અત્યાર સુધીમાં દેશભરમાં એન્ટી-કોવિડ રસીના ૨૨૦.૬૭ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. હાલ ચીનમાં કોરોના પછી રહસ્યમય ન્યુમોનિયાનો ચેપ ફેલાયો છે અને દેશમાં કેટલાક કેસ પણ જોવા મળ્યા છે, જેને લઈને કેન્દ્ર સરકારે પહેલાથી જ એલર્ટ જાહેર કરી દીધું છે.

# બજારમાં નકલી ચાઈનીઝ લસણ વેચાવા માડ્યું

। નવી દિલ્હી, તા.૯ ।

આજકાલ દેશ દુનિયામાં નકલી સમાન વેચાવાનું ચલણ મોટાપાયે વધી ગયું છે. નકલી સામાન બનાવવાની કળામાં મહારત ધરાવનાર ચીન હવે નકલી લસણ પણ બનાવી રહ્યું છે? હાલમાં જ આ સમગ્ર મામલાને લઈને એક વીડિયો પણ વાયરલ થયો હતો, જેમાં ચીનના 'નકલી લસણ'નો પર્દાફાશ થયો હતો. બજારમાં વેચાતું આ નકલી લસણ ભારતમાં ઘણા ઘરોમાં ખવાય છે. આ દેખાવમાં ખૂબ જ સફેદ અને સુંદર હોય છે. પરંતુ આ સ્વાસ્થ્ય માટે ઘાતક સાબિત થઈ શકે છે. તેને ગટરના પાણીથી સિંચાઈ કરવામાં આવે છે. જેથી તેને સીસા અને અન્ય ધાતુઓ દ્વારા ઝડપથી તૈયાર કરી શકાય. તેની સફેદી વધારવા માટે તેને ક્લોરિનથી બ્લીચ કરવામાં આવે છે. યુ.એસ. એ ચીન પર લસણને બજારમાં કિંમત કરતાં ઓછી કિંમતે ડમ્પ કરવાનો આરોપ મૂક્યો છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દરમિયાન ૨૦૧૯માં આ ટેરિફમાં વધારો કરવામાં આવ્યો હતો. ૧૯૯૦ ના દાયકાના મધ્યભાગથી, તેણે અમેરિકન ઉત્પાદકોને બજારની બહારના ભાવને રોકવા માટે ચીની આયાત પર ભારે ટેરિફ અથવા કર લાધ્યા છે. આ વાત એટલી ચર્ચાસ્પદ બની ગઈ છે કે એક અમેરિકન સેનેટરે ચીનમાંથી લસણની આયાતની રાષ્ટ્રીય સુરક્ષા પર અસર અંગે સરકારી તપાસની માંગણી કરી છે. અસ્વચ્છ ઉત્પાદન પદ્ધતિઓ ટાંકીને રિપબ્લિકન સેનેટર રિક સ્કોટે વાણિજ્ય સચિવને એક પત્ર લખીને દાવો કર્યો છે કે ચીની લસણ અસુરક્ષિત છે, ચીન તાજા અને ઠંડા લસણનો વિશ્વનો સૌથી મોટો નિકાસકાર છે અને યુએસ મુખ્ય ઉપભોક્તા છે. પરંતુ આ વેપાર ઘણા વર્ષોથી વિવાદાસ્પદ છે. જો તમે ચીનથી આવેલું નકલી લસણ ઓળખવા માંગતા હોવ તો પદ્ધતિ ખૂબ જ સરળ છે. બજારમાં વેચાતું નકલી લસણ સફેદ હોય છે. આમાં કોઈ ડાઘ કે ફોલ્લીઓ દેખાશે નહીં. તેમને ઓળખવા માટે, લસણને ફેરવો. જો તેના નીચેના ભાગમાં ડાઘ દેખાય તો શક્યતા વધારે છે કે તે અસલી છે. જો તે પાછળના ભાગમાં સંપૂર્ણપણે સફેદ હોય, તો તેનો અર્થ એ છે કે તે ચીનનું ઝેરી નકલી લસણ છે.

## વિશેષ

### લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ઉજ્જવલા યોજના, ખેતીવાડી યોજનાઓ, NFSA અને NRLM યોજનાઓના લાભોથી લાભાન્વિત કરાયા

# આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં દસ્ક્રોઈ તાલુકાના જેતલપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં દસ્ક્રોઈ તાલુકાના જેતલપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો. આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ વિકસિત ભારત રથના સ્વાગત સાથે કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ શ્રી નરહરી ભાઈ અમીન, ધારાસભ્ય શ્રી બાબુસિંહ જાદવ અને બાબુભાઈ પટેલ સહિત જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે. તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવે ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૪૭ સુધી દેશને વિકસિત ભારત બનાવવાનો નિર્ધાર કર્યો છે. આ સંકલ્પને સાકાર કરવાના ધ્યેય સાથે દેશભરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સરકારની યોજનાઓ સામે ચાલીને લાભાર્થીઓના દ્વાર સુધી પહોંચી રહી છે. ૧૦૦ ટકા લક્ષ્ય સિદ્ધિના ધ્યેયને સાકાર કરવા 'સરકાર આપકે દ્વાર' સૂત્ર સાથે વિકસિત ભારત રથ દેશના ગામેગામ સુધી લાભાર્થીઓને તેમના હકના લાભો અપાવી રહ્યાં છે.

વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ વિશે વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, ઉજ્જવલા યોજનામાં ગેસ જોડાણ મળતાં દેશભરમાં મહિલાઓને ધુમાડા યુક્ત બળતણ અને ચૂલામાંથી છુટકારો મળ્યો છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આજે સૌથી મોટી આરોગ્ય લાભ યોજના છે. ૫ લાખ સુધીનું આરોગ્ય કવચ પૂરું પાડતી આ યોજનામાં વધારો કરીને આપણા





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોને ૧૦ લાખનું આરોગ્ય કવચ પૂરું પાડ્યું છે.

ડબલ એન્જિન સરકારનું આયુષ્યમાન કાર્ડ આજે હૃદય, કિડની, ફેફસાં, લીવર સંબંધિત ગંભીર બીમારીઓની સારવારમાં એક પરિવારજનની ગરજ સારે છે. દેશને ટી.બી.મુક્ત કરવાના ધ્યેય સાથે 'નિક્ષય યોજના' શરૂ કરવામાં આવી છે. કિસાન સમ્માન નિધી, કિસાન ક્રેડિટ કાર્ડ, સોઈલ હેલ્થ કાર્ડ થકી દેશભરમાં ખેડૂતોને હવે તેમની જરૂરિયાતો માટે વ્યાજે નાણાં લેવાની જરૂરિયાત રહેતી નથી એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે જલ જીવન મિશન અંતર્ગત 'હર ઘર નલ સે જલ' સૂત્ર સાથે આજે દેશભરમાં ગામેગામ સુધી ઘરે ઘરે પાણી પહોંચ્યું છે. આજે પાત્રતા ધરાવતા લાભાર્થીઓને સરકારની યોજનાઓના લાભો હાથોહાથ મળી રહ્યા છે. જન ધન ખાતા સાથે દેશના ગરીબ,વંચિત,જરૂરિયાતમંદ પરિવારોને વિવિધ યોજનાઓના આર્થિક લાભો સીધા જ બેંક ખાતામાં મળી રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં દેશમાં આરોગ્ય, આવાસ, કૃષિ, શિક્ષણ, સલામતી દરેક ક્ષેત્રે વિકાસ પહોંચ્યો છે. આજે દેશની અર્થવ્યવસ્થા વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની છે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા પ્રસંગે યોજાયેલા કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત મહાનુભાવો સ્વસ્થ ગામ અંતર્ગત સફાઈ અભિયાનમાં પણ સહભાગી થયા હતા. લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ઉજ્જવલા યોજના, ખેતીવાડી યોજનાઓ, દ્રહ્લજીછ અને દ્રઈન્સ યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત લાભાર્થીઓએ પોતાના યોજનાકીય લાભો અંગેના અનુભવો વર્ણવ્યા હતા. સાથે જ, ખેડૂતોને ડ્રોન ડેમોસ્ટ્રેશન દ્વારા ખેતીમાં ડ્રોનનો કેવી રીતે ઉપયોગ કરી શકાય એ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેતીવાડી વિભાગ દ્વારા ગ્રામજનોને પ્રાકૃતિક કૃષિના લાભો અને સોઈલ હેલ્થ કાર્ડ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીનો રેકોર્ડેડ સંદેશ પ્રસારિત કરવામાં આવ્યો હતો તથા વિકસિત ભારત સંકલ્પ યાત્રાની ફિલ્મનું પણ આ પ્રસંગે નિદર્શન કરવામાં આવ્યું હતું. વર્ચ્યુઅલ માધ્યમથી વડાપ્રધાનશ્રીના સંવાદને પણ પ્રસ્તુત ગ્રામજનો અને મહાનુભાવોએ નિહાળ્યો હતો.

શાળાના વિદ્યાર્થીઓ દ્વારા 'ધરતી કહે પુકાર કે' નાટક દ્વારા ગ્રામજનોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ કરાયો હતો. સૌ ઉપસ્થિતોને વિકસિત ભારત સંકલ્પ શપથ લેવડાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે દસ્ક્રોઈ પ્રાંત અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી, તાલુકા પંચાયતના સભ્ય/પ્રમુખ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

**ન્યૂઝ બ્રિફ**

## જામનગર શહેરનો એસટી ડેપો દારુનો અડ્ડો બન્યો

। જામનગર, તા.૯ ।

જામનગર શહેરના એસટી ડેપો દારુનો અડ્ડો બન્યો હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા. જામનગરના એસટી ડેપોમાંથી ખાલી દારુની બોટલ અને પોટલી મળી હતી. એસટી ડેપોની સફાઈ દરમિયાન દારુની બોટલો મળતા લોકોમાં અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યાં છે. રાજ્યમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા અવારનવાર મળતા હોય છે. તો જામનગર શહેરના એસટી ડેપો દારુનો અડ્ડો બન્યો હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા. જામનગરના એસટી ડેપોમાંથી ખાલી દારુની બોટલ અને પોટલી મળી હતી. એસટી ડેપોની સફાઈ દરમિયાન દારુની બોટલો મળતા લોકોમાં અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યાં છે. તો જામનગરના એસટી ડેપોમાં મોટી સંખ્યામાં ખાલી બોટલો મળ્યા બાદ અધિકારીઓનું મૌન જોવા મળ્યું છે. તો છેલ્લા ૫૩ વર્ષથી જામનગરનું એસટી ડેપો જર્જરીત હાલતમાં જોવા મળ્યું છે. બસ સ્ટોપ જર્જરીત હાલતમાં હોવાથી લોકોમાં ભયનો માહોલ પણ જોવા મળી રહ્યો છે.

## અમરેલીના ખેડૂતોને ૧ રૂપિયો ભરવા કોર્ટે ફટકારી નોટિસ

। અમરેલી, તા.૯ ।

ગુજરાતમાંથી એક ખાસ કિસ્સો સામે આવ્યો છે. અમરેલી જિલ્લામાં એક ખેડૂતને માત્ર એક રૂપિયાની ભરપાઈ કરવા માટે કોર્ટ મારફતે નોટિસ અપાઈ છે. આ ઘટના પીજીવીસીએલના વીજ કનેક્શન રદ કરવાના કિસ્સા સાથે જોડાયેલી છે. ખરેખરમાં, વાત એમ છે કે, અમરેલી જિલ્લાનાં કુંકાવાવના એક ખેડૂતને પીજીવીસીએલ દ્વારા એક રૂપિયાની નૉટિસ અપાઈ છે. અગાઉ સાત વર્ષ પહેલા કુંકાવાવાના ખેડૂતના ખેતરમાં એક વીજ કનેક્શનને રદ કરવામા આવ્યુ હતુ, જે પછી આ મામલો કોર્ટમાં પહોંચ્યો હતો, હવે આ મામલે ખુદ પીજીવીસીએલે કોર્ટ મારફતે કુંકાવાવના ખેડૂતને એક રૂપિયાની કાયદેસરની કોર્ટ નોટિસ અપાવી છે, પાંચ રૂપિયાની ટિકીટ લગાડીને ખેડૂત પાસે એક રૂપિયાની નોટિસ અપાઈ છે. હવે ખેડૂતે ખેતીકામ છોડીને કોર્ટમાં જવુ પડશે. ગુજરાતમાં ગયા અઠવાડિયે થયેલા માવઠાથી ભારે નુકસાન પહોંચ્યુ છે. રાજ્યના ખેડૂતોનો ઉભો પાક બળીને ખાખ થઇ ગયો છે, વળી, કેટલાય પાકો હવે આગામી સિઝનમાં આવી શકે તેમ નથી, કમોસમી વરસાદના કારણે અનેક નેતાઓ અને સંગઠનોએ સરકાર પાસે ખેડૂતોને મદદ અને સહાય કરવા અંગે રજૂઆત કરી હતી, આ પછી સરકારે સર્વેની કામગીરી શરૂ હતી.

### કરોડો રૂપિયાની રોકડ અને જ્વેલરી મળી

# સુરાના અને કંસલ ગ્રુપ પર આઈટીએ દરોડા પાડ્યા

### આવકવેરા વિભાગે ત્રણ દિવસ પહેલા ઝારખંડના કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ધીરજ પ્રસાદ સાહુના ઘર પર દરોડા પાડ્યા હતા

। સુરત, તા.૯ ।

લાંબા સમય બાદ આવકવેરા વિભાગ સુરત શહેરમાં સક્રિય થયું છે આવકવેરા વિભાગની ડીરેક્ટોરેટ ઓફ ઈન્વેસ્ટિગેશન વિંગ ના અધિકારીઓ દ્વારા સુરત શહેરના મોટા ગજાના બિલ્ડર ગ્રુપ પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેને લઈને ઉદ્યોગપતિ જૂથમાં ફફડાટ મચ્યો હતો. ટીમે આવહેલી સવારથી જ સુરતમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. જે અંતર્ગત સુરતના જાણિતા બિલ્ડર સંજય સુરાના ગ્રુપ, રિંગ રોડના યાર્ન મર્ચન્ટ સહિત જમીનના ધંધા સાથે જોડાયેલા ચાર ગ્રુપો પર દરોડા પાડવામાં આવ્યા છે. આ તમામ ધંધાર્થીઓના ૨૨વધારે સ્થળો પર આકસ્મિક તપાસ હાથ ધરાઈ હતી.

આઈટી વિભાગના અધિકારીઓ બિલ્ડર સૂરના ઘરે અચાનક ઘુસી જતા બિલ્ડર પણ ચોંક્યો હતો. મોડી રાત સુધી ચાલેલી તપાસમાં કરોડો રૂપિયાની રોકડ અને જવેલરી મળી આવી હતી. ૧૦૦થી વધુના કાફલા સાથે આવકવેરા વિભાગનો સપાટો બોલાવ્યો હતો. બાતમી લિક ન થાય તે માટે



મહારાષ્ટ્ર પાસિંગની ગાડીઓ ઉપયોગમાં લેવાઈ હતી. તપાસ દરમિયાન, કરોડો રૂપિયાની રોકડ અને જ્વેલર્સ મળી હતી. મુખ્યત્વે બિલ્ડર સુરાના જૂથ તથા રીંગરોડના યાર્ન મર્ચન્ટ તથા જમીન ડેવલપર્સ તથા દલાલી સાથે સંકળાયેલા એક જૂથ મળીને કુલ ચાર જેટલા ધંધાર્થીઓના રહેણાંક તથા ઓફિસો પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ઘણા લાંબા સમયથી સુરત ઈક્મટેક્સ વિભાગ દ્વારા મોટી કોઈ કાર્યવાહી કે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું નહોતું. પરંતુ દિવાળી બાદ એકાએક સુરત ઈક્મટેક્સ વિભાગ દ્વારા હાથ અલગ અલગ ક્ષેત્રની વ્યવસાયિક પેઢીઓ પર પર હાથ ધરવામાં આવેલ તપાસના પગલે અન્ય વ્યવસાય વર્ગમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. તાજેતરમાં વલસાડ અને દાદરા નગર હવેલી સેલવાસ ખાતે આવેલી આર.કેબલ નામની કંપની પર વડોદરા, અમદાવાદ તથા સુરત ઈક્મટેક્સ વિભાગે સંયુક્ત તપાસ હાથ ધરી હતી. કેબલ ગ્રુપના રમેશ કાબરા તથા અન્ય ડિસ્ટ્રીબ્યુટરના ૪૦ જેટલા સ્થળો પર અસર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આવકવેરા વિભાગે ત્રણ દિવસ પહેલા ઝારખંડના કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ધીરજ પ્રસાદ સાહુના ઘર પર દરોડા પાડ્યા હતા. ૬ ડિસેમ્બરથી, IT વિવિધ રાજ્યોમાં તેમના સ્થાનો શોધી રહી છે. પીટીઆઈનાસૂત્રોનાજણાવ્યાઅનુસાર,ઓડિશાસ્થિત ડિસ્ટિલરી ગ્રૂપ અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓ વિરુદ્ધ કરવામાં આવી રહેલી શોધમાં આશરે રૂ. ૨૫૦ કરોડની બિનહિસાબી રોકડ રિકવર થવાની અપેક્ષા છે.

### અડદિયા પાકની બનાવટ ખૂબ જ સરળ હોય છે

## રાજકોટ શહેરમાં અડદિયા પાકનું ધૂમ વેચાણ થયું

### શિયાળાની ઋતુમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે અનેક પ્રકારની સ્વાસ્થ્યવર્ધક વસ્તુઓ ખાવામાં આવતી હોય છે

। રાજકોટ, તા.૯ ।

અડદિયા એટલે શિયાળાનો કિંગ. આપણા ઘરમાં શિયાળામાં અનેક પ્રકારની વાનગીઓ બનાવવામાં આવે છે, પણ તેમાં સૌથી પહેલા હોય છે અડદિયા. કારણ કે, શિયાળામાં અડદિયા ખાવાથી શક્તિ મળે છે સાથે રોગ પ્રતિકારક શક્તિમાં પણ વધારો થાય છે. અડદિયા એટલે ગુજરાતીઓનું લોકપ્રિય શિયાળામાં આરોગાતી વાનગી છે. અડદની દાળમાંથી બનતી આ વાનગીમાં ઘણા ડ્રાયફ્રૂટ્સ અને તેજાના નાખવામાં આવે છે. ત્યારે રાજકોટમાં અડદિયાનું વેચાણ શરૂ થઈ ગયું છે. શિયાળામાં અડદિયા પાક ખાવાથી આપણા શરીરને ઘણા ફાયદા થાય છે. કારણ કે, આ અડદિયા પાક ખાવાથી શરીરને આખા વર્ષની તાકાત મળી જાય છે. ત્યારે રાજકોટવાસીઓએ તો શિયાળો શરૂ થતાં જ અડદિયા ઝાપટવાનું શરૂ કરી દીધું છે. રાજકોટમાં બનતા અડદિયા ખૂબ જ ફેમસ હોય છે. કારણ કે, આ અડદિયાને દેશી પદ્ધતિથી બનાવવામાં આવે છે, જેથી આ અડદિયાને રાજકોટની બહાર પણ કુરિયર કરવામાં આવે છે. આ અડદિયાનો સ્વાદ કોઈ એક વખત કરે એટલે બીજી વખત ખાધા વગર રહી ન શકે અને તેના ભાવની વાત કરવામાં આવે તો, અડદિયા ૬૦૦ રૂપિયા પ્રતિ કિલો હોય છે. રાજકોટમાં બનતા અડદિયામાં, દેશી ઘી, અડદનો લોટ, ગુંદ, ડ્રાયફ્રૂટ, સુંઠ પાવડર, ખાંડ, માવો, દૂધ, જાવંત્રી સહિતના મસાલાનો ઉપયોગ કરીને આ અડદિયા બનાવવામાં આવે છે. મોટા વાસણમાં લોટને ચાળી લો, પછી તેમાં ગરમ કેરલું ઘી નાખી લોટને મોણી લો. આ લોટને બનાવતા પહેલા ૩ કલાક ઢાંકીને રાખી દેવાનો હોય છે, જેથી અડદિયા ખૂબ જ સ્વાદિષ્ટ બને છે. જ્યારે આ લોટનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તેને ચાળી લેવું, પછી ગરમ પેનમાં ૧ કપ પાણી સાથે ખાંડ નાંખી ચાસણી બનાવી લેવાનું. ત્યારબાદ તેમાં લોટ ઉમેર્યા બાદ તેને ધીમી આંચ પર પકાવીને, રસ મિક્સ થાય ત્યાં સુધી સેકવામાં રહેશે.

### અમરેલીમાં ચોર ટોળકી બેફામ

## અમરેલીમાં ચોર વૃદ્ધાને વાતોમાં ફોસલાવી બે સોનાની બૂટ્ટી આંચકી ફરાર થઇ ગયા

। અમરેલી, તા.૯ ।

રાજ્યમાં ગઠીયાઓ દ્વારા ચોરીની ઘટનાઓને અંજામ આપવાનો સિલસિલો ફરી એકવાર શરૂ થયો છે, અમરેલી જિલ્લામાં ગઈકાલે બનેલી એક ઘટનાએ પોલીસને દોડતી કરી છે. ખરેખરમાં, અમરેલી જિલ્લાના રાજુલા શહેરમાં ધોળાદિવસે એક વૃદ્ધાને ગઠીયાઓ શિકાર બનાવી હતી, વૃદ્ધાને વાતોમાં ભેળવીને બે સોનાની બૂટીઓ આંચકી ફરાર થઈ ગયા હતા, આની કિંમત ૪૦ હજારથી વધુની હોવાનું કહેવાઈ રહ્યું છે. મળતી માહિતી પ્રમાણે, જિલ્લાના રાજુલા શહેરમાં અજાણ્યા શખ્સે એક વૃદ્ધાને વાતોમાં મશગુલ કરી દીધી, આ પછી આ શખ્સે તકનો લાભ લઈને વૃદ્ધાના કાનમાંથી બે સોનાની બુટ્ટી કાઢી લીધી, જેની કિંમત ૪૦,૦૦૦ હોવાનું સામે આવ્યુ છે. આ ઘટના બાદ રાજુલા પોલીસ સ્ટેશનમાં વૃદ્ધાની ફરિયાદના આધારે તપાસ શરૂ કરાઈ છે, ખાસ વાત છે કે, પોલીસને સીસીટીવીમાં એક શંકાસ્પદ વ્યક્તિની દેખાયો હતો.

### ઇક્મટેક્ષની DDI વિંગ દ્વારા સર્ચ ઓપરેશન

## સુરતનાં પ્રતિષ્ઠિત બિલ્ડર સંજય સુરાના ગ્રુપમાં દરોડા

। સુરત, તા.૯ ।

સુરતમાં ઈક્મટેક્ષની DDI વિંગ દ્વારા સર્ચ ઓપરેશન અંતર્ગત આજે શહેરના પ્રતિષ્ઠિત બિલ્ડર સંજય સુરાના ગ્રુપ પર દરોડા પાડવામાં આવ્યાં. સંજય સુરાના ગ્રુપ ઉપરાંત રીંગરોડના યાર્ન મર્ચન્ટને ત્યાં પણ વિંગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. એટલું જ નહીં જમીનના ધંધા સાથે જોડાયેલા જૂથોમાં ચાર જેટલાં ધંધાર્થીઓના સ્થળોમાં ઓફિસ અને ઘરે દરોડા પાડવામાં આવ્યાં. ઈક્મટેક્ષની DDI વિંગ દ્વારા બજાર ખુલતાની સાથે જ સુરત શહેરનાં વેપારી, બિલ્ડર આલમમાં દરોડા પાડવાનાં શરૂ કરી દેવામાં આવ્યાં હતાં. માહિતી અનુસાર ઈક્મટેક્ષનાં આ દરોડામાં મોટાપાયે કરચોરી મળે એવી શક્યતા છે. જમીન ધંધા સાથે સંકળાયેલા જૂથો દ્વારા કરચોરી કર્યા હોવાની ટીપ મળ્યાં બાદ વિંગ એક્શન મોડમાં આવી હોય તેવું લાગી રહ્યું છે. શક્ય છે કે આવનારા દિવસોમાં પણ વિંગ આ રીતે કાર્યરત રહે.

### પગારને લઈને યુવક નિલેશને માર મારવાનો કેસ

## રાણીબા ઉર્ફે વિભૂતિ પટેલ સહિત ૬ની જામીન અરજી કોર્ટે ફગાવી

। મોરબી, તા.૯ ।

મોરબીમાં પગારને લઈને યુવક નિલેશને માર મારવાના કેસ મામલે રાણીબા ઉર્ફે વિભૂતિ પટેલ સહિત તેના સાથીદારોને લઈ મહત્વની અપડેટ સામે આવી છે. યુવકને માર મારનારા આરોપીઓની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી છે. રાણીબા ઉર્ફે વિભૂતિ પટેલ સહિત ૬ની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે. આપને જણાવીએ કે, સ્પેશિયલ એટ્રોસિટી કોર્ટે આરોપીઓની અરજી ફગાવી દેતા વિભૂતિ પટેલની મુશ્કેલીમાં વધારો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પગાર લેવા પહોંચેલા યુવકને ૬ શખ્સોએ માર માર્યો હતો. જે માર મારવાના કેસમાં ૬ આરોપીઓની ધરપકડ થઈ હતી. જેમાં રાણીબા ઉર્ફે વિભૂતિ પટેલ પણ સામેલ છે. યુવકને પટ્ટા વડે ઢોર માર માર્યો હતો. મોરબીના ભડીયાદ રોડ ઉપર આવેલ ગાંધી સોસાયટીમાં રહેતા નિલેશભાઈ કિશોરભાઈ દલસાણીયા (૨૧)એ મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશને વિભૂતિ પટેલ ઉર્ફે રાણીબા, ઓમ પટેલ, રાજ પટેલ, પરીક્ષિત, ડી.ડી. રબારી તથા અન્ય સાત શખ્સ રહે. બધા જ મોરબી વાળાની સામે ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં વિવિધ સંગઠનો સહિત ધારાસભ્ય જિગ્નેશ મેવાણી મેદાન આવ્યા હતાં. કોર્ટે ફરી રાણીબા સહિતના તમામ ૬ આરોપીઓની જામીન અરજી ફગાવી દેતા તેમને ફરી જેલમાં જ રહેવાનો વારો આવ્યો છે. કોર્ટે તેમને રાહત આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ૨૭ નવેમ્બરે વિભૂતિ પટેલે તેના ભાઈ ઓમ પટેલ સાથે અન્ય એક સાથે પોલીસ સમક્ષ આત્મ સમર્પણ કર્યું હતું.

### એકલા દેખાતા વ્યક્તિને નિશાન બનાવી લૂંટી લેતી રિક્ષા ગેંગ સક્રિય બની

## સુરત શહેરમાં રિક્ષામાં મુસાફર બેસાડી લૂંટ કરતી ગેંગ ઝડપાઈ

। સુરત, તા.૯ ।

સુરત શહેરમાં એકલા દેખાતા વ્યક્તિને નિશાન બનાવી લૂંટી લેતી રિક્ષા ગેંગ સક્રિય બની છે. આ ટોળકીએ એક વૃદ્ધ સાથે ૨૭ હજારની લૂંટ ચલાવી હોવાનો મામલો સામે આવ્યો હતો.

ઘટના સુરત શહેરના કાપોદ્રા બ્રિજ પાસે બની હતી જ્યાં એક વૃદ્ધ બોટાદથી આવ્યા હતા અને વરાછા પોતાના દીકરાને ત્યાં પ્રસંગમાં હાજરી આપવા જતા હતા. કાપોદ્રા બ્રિજ નીચેથી એક રિક્ષામાં બેઠા હતા. જો કે રિક્ષામાં પહેલાથી જ ૨ મુસાફરો સવાર હતા. વૃદ્ધ જેવા રિક્ષામાં સવાર થયા તરત જ રિક્ષામાં સવાર લોકોએ પોતાનો અસલી રંગ દેખાડ્યો હતો.

રિક્ષા ગેંગે તેમને લૂંટવા માટેનો મોકો શોધ્યો હતો. આ દરમિયાન વૃદ્ધને રિક્ષામાં સવાર અન્ય ૨ મુસાફરો અને રિક્ષા ચાલક પર શંકા ગઈ હતી. મહત્વનું છે, રિક્ષા ચાલક અને સવાર અન્ય ૨ મુસાફરો એક જ ગેંગના હતા.આ ગેંગે મોકો જોઈને અવાવરું વિસ્તારમાં રિક્ષા ઉભી રાખીઅને વૃદ્ધને ધમકાવીને માર માર્યો તેમજ પગમાં ચપ્પુ પણ મારી ભયભીત બનાવ્યો હતો. ટોળકીએ વૃદ્ધ પાસેથી મોબાઈલ, ઘડીયાળ અને રોકડ સહતિ ૨૭ હજારની લૂંટ ચલાવી અને વૃદ્ધને ઉત્રાણ બ્રિજ પાસે ઉતારીને ફરાર થઈ ગયા હતા. પોલીસે CCTVની તપાસ કરીરિક્ષાના રજિસ્ટ્રેશન નંબરના આધારે આરોપીઓનું પગેરૂં મેળવ્યું હતું જે બાદ પોલીસે ગણતરીના સમયમાં સરબાઝ ખાન પઠાણ અને ઈમરાન નામના ૨ શખ્સોની ધરપકડ કરી લીધી છે.

### વર્તમાન સમયમાં સમાજ માટે લાલબતી સમાન ઘટના

# પરિણીતા સાથે લિવ ઇનમાં રહેવું યુવકને ભારે પડયું

### મહિલાના પતિ, સસરા અને દિયર સહિતના શખ્સો દ્વારા યુવાનનું કારમાં અપહરણ કરવામાં આવ્યું

। રાજકોટ, તા.૯ ।

મોરબી રવાપર ગામ ઉમીયા સોસાયટીમાં રહેતા યુવાને રાજકોટમાં રહેતી પરિણીતા સાથે મૈત્રી કરાર કરેલ છે અને છેલ્લા બે મહિનાથી મહિલા તેની સાથે મોરબીમાં રહેતી હતી. દરમ્યાન મહિલાના પતિ, સસરા અને દિયર સહિતના શખ્સો દ્વારા યુવાનનું કારમાં અપહરણ કરવામાં આવ્યું હતું. જેની મહિલાએ ફરિયાદ નોંધાવેલ હતી. જેના આધારે પોલીસે જિલ્લામાં નાકાબંધી કરીને આરોપીને પકડવા તજવીજ શરૂ કરી હતી. મોરબી પોલીસે જસદણ તાલુકાના ભડલી ગામની સીમમા વાડીએ બાંધી રાખેલા યુવાનને છોડાવીને સાત આરોપીઓની ધરપકડ કરેલ છે. જો કે, મહિલાના પતિ અને દિયર સહિતના આરોપી પકડવાના બાકી છે, તેને પકડવા માટે તજવીજ શરૂ કરેલ છે. વર્તમાન સમયમાં સમાજ માટે લાલબતી સમાન ઘટનાઓ અવારનવાર બને છે આવી જ એક ઘટના તાજેતરમાં મોરબીમાં બનેલ છે. જેમાં હાલ મોરબી રવાપર ગામ ઉમીયા સોસાયટી રમેશભાઈ બોરીચાના મકાનમાં ભાડેથી રહેતા મુળ રાજકોટ વાળા ફરીયાદી વર્ષાબેન હરેશભાઈ હામાભાઈ કરમટાએ મૈત્રી કરાર કરેલ છે અને બે માસથી મોરબીના રવાપર ગામે રહેતા રમેશભાઈ ખોડાભાઈ નાગહ વાળા સાથે રહે છે. જેથી ફરીયાદીના પતિ હરેશભાઈ હામાભાઈ કરમટા તેમજ તેમના સસરા હામાભાઈ પાંચાભાઈ કરમટા, દિયર માત્રા હામાભાઈ કરમટા રહે. બધા રાજકોટ વાળાઓએ ફરીયાદીના ઘરે આવી મૈત્રી કરારમાં રહેતા રમેશભાઈ ખોડાભાઈ નાગહને ઈકો ગાડીમાં જબરજસ્તીથી બેસાડી અપહરણ કરી લઈ ગયેલ હતા. જેની મોરબી એ ડિવિઝન પોલીસને જાણ કરતાની સાથે જ મોરબી જિલ્લામા નાકાબંધી કરી હતી. તેમજ મોરબી સીટી એ ડીવીઝન, એલ.સી.બી, એસ.ઓ.જી સહિતની ટીમો તાત્કાલીક હયમુન સોર્સીસ તથા બનાવ સ્થળ નજીક સીસીટીવી તેમજ ટેકનીકલ સેલ આધારે અપહરણ થયેલ ઈસમની શોધખોળ શરૂ કરી હતી અને સાત આરોપીની ધરપકડ કરેલ છે.

આ બનાવને લઈને મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીની સુચના તેમજ ડીવાયએસપી પી.એ. ઝાલાના માર્ગદર્શન હેઠળ તપાસ ચાલી રહી હતી. દરમ્યાન અપહરણ કરેલ ઈસમને રાજકોટ જીલ્લાના જસદણ તાલુકાના ભડલી ગામની સીમમા ભુપતભાઈ ધુઘાભાઈ આલ રહે. ભડલી તાલુકો જસદણ વાળાની વાડીએ દોરડા વડે બાંધી રાખેલ છે. તેવી માહિતી મળી હતી. જેથી અલગ અલગ પોલીસની ટીમો બનાવી વાડીએ જઈને અપહરણ કરેલ ઈસમને અપહરણ કર્તાઓની ચુગાલમાથી છોડાવેલ છે. આ ગુનામાં હાલમાં પોલીસે હામાભાઈ પાંચાભાઈ કરમટા રહે. આજીડેમ બાજુમા ગોકુલપાર્ક શેરીનં.૨ રાજકોટ, ભુપતભાઈ ઘુઘાભાઈ આલ રહે. ભડલી તાલુકો જસદણ, લાલજીભાઈ વેરશીભાઈ ખાંભલા રહે.

## યુવતીઓ લાવી દેહ વ્યાપાર કરાવતી મહિલાની કરાઈ ધરપકડ

। વડોદરા, તા.૯ ।

વડોદરામાં પરપ્રાંતીય યુવતીઓ લાવી દેહ વ્યાપાર કરાવતી મહિલાની ધરપકડ કરવામાં આવી છે. એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટ દ્વારા પાયલબેન બ્રહ્મભટ્ટની ધરપકડ કરવામાં આવી છે. વાડી વિસ્તારના પોતાના ફ્લેટમાં ૧૫૦૦ થી ૨૦૦૦ રૂપિયા પ્રતિ ગ્રાહક વસુલાતા હતા, વાડી પોલીસમાં મહિલા વિરુદ્ધ ગુનો નોંધાયો છે. ધ ઈમોરલ ટ્રાફિકિંગ પ્રિવેન્શન એક્ટ - ૧૯૫૬ ની કલમ ૩, ૪, ૫ મુજબ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી. થોડા સમય પહેલા વડોદરાના સમા વિસ્તારમાં આવેલા અર્થ આઈકોન ખાતે કૂટણખાનું ચાલતું હોવાનો પર્દાફાશ થયો હતો. સમા પોલીસે અન્ના સ્પા લાઈનમાં છટકું ગોઠવી સમગ્ર કૌભાંડ પકડી ૨ સંચાલકોની ધરપકડ કરી હતો. જ્યારે અન્ય એક સંચાલક ફરાર થયો હતો. વડોદરા શહેરના સમા વિસ્તારમાં અર્થ આઈકોન કોમ્પલેક્ માં અન્નાસ્પા લાઈન નામની સ્પા સર્વિસ આપતા ઈમ્તિયાઝ શેખને ત્યાં સ્ ની આડમાં દેહ વ્યાપાર ચાલતો હોવાની માહિતી સમા પોલીસને મળી હતી. સમા પોલીસે છટકું ગોઠવી ડમી ગ્રાહક મોકલી સ્પા લાઈનમાંથી દેહ વેપારમાં જોડાયેલી બે પરપ્રાંતીય મહિલાઓની માહિતી મેળવી હતી. સ્પા સંચાલક ઈમ્તિયાઝ શેખ અને હિતેશ ચંદવાણીની પોલીસે ધરપકડ કરી હતી. જોકે બંટી ચંદવાણી ત્યાંથી ફરાર થઈ ગયો હતો જેની પોલીસ તપાસ કરી રહી છે. પોલીસે સ્પા લાઈનમાંથી દસ્તાવેજી પુરાવાઓ સહિત અન્ય પુરાવા, ૩ મોબાઈલ, રોકડ સાથે સીસીટીવી ફૂટેજ મેળવ્યા છે. છેલ્લા ૧૫ દિવસથી સ્પા ચાલુ થયું હોવાની વિગત પોલીસને મળી હતી.

### ભરૂચમાં અકસ્માતમાં દીપડાનું મોત નીપજ્યું

## રહેણાંક વિસ્તારોમાં દીપડાના ઘુસી આવવાથી લોકોમાં ભય

। ભરૂચ, તા.૯ ।

દક્ષિણ ગુજરાતમાં રહેણાંક વિસ્તારોમાં વન્ય જીવ દીપડાના ઘુસી આવવાની ઘટનાઓ હવે ચિંતાજનકસ્તરે વધી છે. સુરતના કામરેજમાં દીપડો આવી ચઢ્યો હતો તો બીજી તરફ ભરૂચમાં ઝઘડિયા -ગોવાલી રોડ પર અકસ્માતે દીપડાનું મોત નીપજ્યું હતું. સુરત જિલ્લામાં કામરેજના ધોરણ પારડીની સીમમાં દીપડાનું પરિવાર લટાર મારતું જોવા મળતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. મોડી રાતે દીપડાનો પરિવાર દેખાતા ભયનો માહોલ જોવા મળ્યો હતો. ગામની સીમમાં એક દીપડો અને તેના બે બચ્ચા જોવા મળ્યા હતા. કાર ચાલકે દીપડાના પરિવારને મોબાઈલ કેમેરામાં કેદ કર્યો હતો. અન્ય એક ઘટનામાં ભરૂચ જિલ્લાના આદિવાસી પટ્ટી પર ઝઘડિયા – ગોવાળી રોડ પર અકસ્માતે એક દીપડાનું મોત નીપજ્યું હતું. અજાણ્યા વાહનની અડફેટે બાલ દીપડો ગંભીર ઈજાગ્રસ્ત થયા બાદ તેનું મોત નીપજ્યું હતું.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨